# આત્મધર્મ

માસિક : વર્ષ-૪ * અંક-૩ * નવેમ્બર, ૨૦૦૯



અરે પ્રભુ ! રાગની ક્રિયા કરનારો તે તું !! જ્ઞાયકને રાગનું કર્તૃત્વ સોંપવું તે તો અજ્ઞાન ને મિથ્યા ભ્રમ છે. ''સર્વોત્કૃષ્ટ જે પરમાત્મા કહેવાય છે તે તું પોતે છો''—એમ શ્રી જિનેશ્વરદેવનો પોકાર, દિવ્યધ્વનિ દ્વારા, ગણધરો ને ઇન્દ્રોની સમક્ષ આવ્યો છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

✍ હે નાથ! દુ:ખમાં કે સુખમાં, વેરી પ્રત્યે કે બંધુવર્ગ પ્રત્યે, સંયોગમાં કે વિયોગમાં, ઘરમાં કે જંગલમાં, સંપૂર્ણ મમત્વબુદ્ધિ દૂર થઈને મારું મન સદાય સમભાવી રહો. ૧૧૩૩. *(શ્રી અમિતગતિ આચાર્ય, સામાયિક પાઠ, શ્લોક-૪)*

✍ અહંકાર યા ઘમંડ નિશ્ચયસે લોગોંકા નાશ કરનેવાલા હૈ, ઉસસે ઉન્નતિ નહીં હોતી હૈ, જૈસે જબ દીપક બુઝને લગતા હૈ તબ ઉસકી લૌ બઢ જાતી હૈ. ૧૧૩૪. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૨૯૪)*

✍ વિનય જિનશાસનનું મૂળ છે. વિનયથી સંયમ, તપ અને જ્ઞાનની વૃદ્ધિ થાય છે. જે જીવ વિનયથી રહિત છે તેનો ધર્મ અને તપ વ્યર્થ છે. ૧૧૩૫.

*(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, ષટ્-આવશ્યક અધિકાર, ગાથા-૧૦૪)*

✍ સુખ આદિરૂપ 'હું સુખી છું-હું દુ:ખી છું' ઈત્યાદિ 'અહં' પ્રત્યયગોચર સ્વસંવેદન પ્રત્યક્ષથી જીવનું અસ્તિત્વ જણાય છે. કારણ કે—જે જીવ નથી તે સ્વસંવેદન પ્રત્યક્ષવાળું પણ નથી જેમ સુપ્રસિદ્ધ ઘટ. ૧૧૩૬.

(શ્રી રાજમલ્લજી, પંચાધ્યાયી, ભાગ-૨, ગાથા-૫)

✍ યદિ ચક્ષુ શુદ્ધ ભાવસે આત્મજ્ઞાનોપયોગી પદાર્થોંકો દેખનેકો સન્મુખ હોતી હૈ, યદિ ચક્ષુ નિર્મલ આત્માકે સ્વભાવકો દેખનેમેં ઉદેશ્યવાન હોતી હૈ, સંસારમાર્ગસે વિરક્તપને જહાં ચક્ષુકા ઉપયોગ હોતા હૈ વહી યથાર્થ ચક્ષુદર્શન હૈ, યદિ શરીર વ શરીર સંબંધી વિષયભોગોંમેં ચક્ષુ રાગી હૈ તો ચક્ષુદર્શનાવરણ કર્મકા બંધ હોતા હૈ. ૧૧૩૭. *(શ્રી તારણસ્વામી, ઉપદેશ શુદ્ધસાર, શ્લોક-૩૫૯)*

✍ જેવી રીતે અભેદ સ્વરૂપે અગ્નિમાં ઉષ્ણતા રહે છે તેવી જ રીતે આત્મામાં જ્ઞાન છે. આ પ્રકારની પ્રતીતિનું નામ શુદ્ધ સમ્યગ્દર્શન છે અને તે જ પ્રકારે જાણવાનું નામ સમ્યગ્જ્ઞાન છે. આ બન્નેની સાથે ઉક્ત આત્માના સ્વરૂપમાં સ્થિત થવાનું નામ સમ્યક્ચારિત્ર છે. ૧૧૩૮.

*(શ્રી પદ્મનંદિ આચાર્ય, પદ્મનંદિ પંચવિંશતિ, નિશ્ચયપંચાશત, શ્લોક-૧૪)*

❀

વર્ષ-૪
અંક-૩




સંવત
૨૦૬૫
November
A.D. 2009

આત્મધર્મ
શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર


# જૈનદર્શનનો પ્રાણ

[શ્રી સમયસાર, ગાથા-૧૧ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

(પ્રવચન નં. ૧)

આ અગીયારમી ગાથા અદ્ભુત છે.

અનાદિકાળથી રઝળતા એવા આ જીવે જેવો આત્માનો સ્વભાવ છે તેવો જાણ્યો નથી. બાહ્ય પદાર્થના નિમિત્ત વિનાનો નિરુપાધિક ગુણ તે સ્વભાવ છે અને તેને યથાર્થપણે જાણ્યા વિના સાચા વ્રત કે ચારિત્ર હોઈ શકે નહીં. ગુણ એટલે રજોગુણ, તમોગુણ કે સત્ત્વગુણ કહેવાય છે તેની અહીં વાત નથી પણ જે આત્મસ્વભાવ છે તે ગુણ છે. આત્મા અનાદિથી પરમાનંદમય નિર્વિકલ્પ વીતરાગી વિજ્ઞાનસ્વરૂપ છે. વર્તમાન ક્ષણિક અવસ્થા પૂરતો પુણ્ય-પાપરૂપ શુભ-અશુભભાવ થાય છે તે નિમિત્તાધીન થતો વિકારી ભાવ છે પણ સ્વભાવભાવ નથી.

આત્મા અખંડ જ્ઞાન-આનંદની મૂર્તિ છે. તે જેવો સ્વાધીન અને પૂર્ણ છે તેવો યથાર્થ લક્ષમાં ગ્રહણ કરે તો સહજ આનંદ આવ્યા વિના રહે નહીં.

જેમ કાચા ચણામાં મીઠો સ્વાદ ભર્યો છે. જોકે વર્તમાન કચાશના કારણે તે સ્વાદ જણાતો નથી તોપણ તેમાં મીઠાશ ભરી છે. શેકવાથી તે મીઠાશ પ્રગટ થાય છે. કાચો ચણો વાવ્યાથી ઊગે છે. જોકે ચણાનો ખરેખર સ્વભાવ ઊગવાનો નથી. જો તેનો નિત્ય ઊગવાનો સ્વભાવ હોય તો શેકાયા પછી પણ ઊગવો જોઈએ. વળી ચણામાં મીઠો સ્વાદ ભર્યો છે તે ચણાથી પ્રગટે છે; રેતી, અગ્નિ કે તાવડારૂપ બાહ્ય સાધનથી તે સ્વાદ પ્રગટતો નથી. જો બહારના સાધનથી સ્વાદ પ્રગટતો હોય તો કાંકરાને પણ શેકવાથી સ્વાદ પ્રગટવો જોઈએ, પણ તેમ થતું નથી. અંદર સ્વભાવમાં ગુણ હોય તો જ પ્રગટે.

ભગવાન આત્મા દેહ, મન, વાણી, ઈન્દ્રિયો વગેરે જડ વસ્તુઓથી જુદો છે, તેમ જ અંદર રજકણોનાં બનેલા બે તૈજસ અને કાર્મણ શરીર છે તેનાથી પણ જુદો છે. તે નિત્ય જ્ઞાન-આનંદની મૂર્તિ છે પરંતુ તેની ખબર વિનાનો હોવાથી અનાદિથી અજ્ઞાનીને આનંદનો સ્વાદ આવતો નથી પણ 'પુણ્ય-પાપ મારા' એવી વિકારરૂપ કચાશને લીધે સંસારની દુઃખરૂપ તુરાશ(કષાય, આકુળતા)નો સ્વાદ આવે છે. 'વિકાર મારો સ્વભાવ નથી, હું અવિકારી છું' એમ અવિકારી સ્વભાવને નહિ જોતાં અજ્ઞાની રાગ–દ્વેષ અને પુણ્ય-પાપની ક્રિયાથી આત્માનો સ્વભાવ ઉઘાડવા માગે છે અર્થાત્ પુણ્ય–પાપમય વિકારની મદદથી ગુણ માને છે. તેથી તેને આત્માનો નિર્મળ માર્ગ ખ્યાલમાં આવતો નથી.

દેહની પ્રવૃત્તિથી કે કોઈ બાહ્ય સાધનથી ધર્મ થતો નથી. ધર્મ ધર્મીમાં છે. તેને પ્રગટ કરવાનો ઉપાય સમ્યક્શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન છે એટલે કે તે વડે અજ્ઞાન નાશ પામે છે. જેમ ચણો શેકવાથી ફરી ઉગતો નથી, કારણ કે ઉગવાનો તેનો સ્વભાવ નથી તેમ એકવાર અજ્ઞાનનો નાશ કર્યા પછી, આત્માનો જન્મ–મરણ કરવાનો સ્વભાવ નહીં હોવાથી, ભવભ્રમણ થાય નહિ. (અલ્પ ભવ હોય તો પરમાર્થ દૃષ્ટિમાં ગણાય નહિ.) ભવભ્રમણનું કારણ પુણ્ય–પાપ અને પરમાં મમતા કરવી તે છે. તે આત્માનો મૂળ સ્વભાવ નથી કેમ કે પુણ્ય–પાપ પરલક્ષે, કર્મરૂપ નિમિત્તને આધીન થવાથી થાય છે. અજ્ઞાની અજ્ઞાન વડે પરને બંધનું નિમિત્ત બનાવે છે. એ અજ્ઞાનનો નાશ નિત્ય, અખંડ, જ્ઞાયક સ્વભાવના આશ્રયે થાય છે અને અજ્ઞાનનો નાશ થવા છતાં આત્માનો નાશ થતો નથી, કારણ કે આત્મા તો ત્રિકાળ ટકનાર અખંડિત દ્રવ્ય છે. તેથી આચાર્ય ભગવાન સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાવવા પ્રથમ આત્માનો અખંડ સ્વભાવ બતાવે છે. તેને પરથી તથા વિકારથી ભિન્ન જાણી તેની શ્રદ્ધા, તેનું જ્ઞાન અને તેમાં રમણતા કરાવવા અલૌકિક રીતે સમયસારજીની રચના કરી છે.

જ્ઞાન, આનંદ, શ્રદ્ધા, વીર્ય (-આત્મબળ), અસ્તિત્વ (-ત્રિકાળ હોવાપણું), વસ્તુત્વ(-પ્રયોજનભૂત કાર્ય કરવામાં પોતાનું સમર્થપણું), પ્રદેશત્વ (-પોતાનો સ્વતંત્ર આકાર, પહોળાપણું) આદિ અનંત ગુણના પિંડપણે આત્મા છે. ગુણના ભેદ પાડ્યા વિના અખંડ તત્ત્વ સમજાવી શકાતું નથી, તેથી વ્યવહારે ભેદ પાડી કહે છે કે 'જો, વિશ્વાસ કરે છે તે ભગવાન આત્મા છે.' તે પરમાં વિશ્વાસ કરે છે કે કાલે કદાચ પાપનો ઉદય આવશે તો શું થશે? માટે પૈસા વગેરે સંઘરી રાખો.—એમ પરનો વિશ્વાસ કરનાર ભલે પ્રગટપણે

આત્માનો વિશ્વાસ નથી કરતો પણ અપ્રગટપણે પૂર્વ કર્મનું અસ્તિપણું સ્વીકારે છે, તેથી આત્માનું પણ અસ્તિપણું પૂર્વે હતું એમ તેમાં અપ્રગટપણે સ્વીકારાઈ જાય છે.

પૂર્વે કોઈ પાપના ભાવ કર્યા હોય તો પ્રતિકૂળતા આવે એમ, જોકે હજુ કોઈ પ્રતિકૂળતા ભાળી નથી કે આવી નથી તોપણ, તેનો વિશ્વાસ કરે છે. જડકર્મને કાંઈ ખબર નથી કે અમે કોણ છીએ અને કેવું ફળ આવશે; પણ અજ્ઞાની પોતાને ભૂલી તેમાં પોતાની અગવડતા કે સગવડતા માની બેઠો છે. આત્મા ધ્રુવ છે, સ્વતંત્ર તત્ત્વ છે. તે પરસંયોગ આધીન નથી, તેને પ્રાપ્ત કરવા કોઈ સંયોગની જરૂર પડતી નથી. ગમે ત્યારે સ્વભાવનો વિશ્વાસ કરવો હોય તો કરી શકાય છે, તેમાં કોઈ કર્મો નડતાં નથી. જે પરનો વિશ્વાસ કરતો હતો તે પોતાના ગુણને સમજ્યા પછી પોતાના નિત્ય સ્વભાવનો વિશ્વાસ કરી શકે છે.

જ્ઞાન આત્માનો સ્વાધીન ગુણ છે. જેમ મકાન બાંધવું હોય તો પ્રથમ તેના પ્લાન (આકાર) દોરી મકાન બંધાયા પહેલાં તેનું જ્ઞાન કરી લે છે તો તે જ્ઞાન પોતાનામાં કર્યું કે મકાનમાં? પોતાનામાં કર્યું તો જ્ઞાન સ્વાધીન થયું કે પરાધીન? માટે તારું જ્ઞાન પરાધીન નથી, તું નિત્ય જાણનાર સ્વરૂપે છો, તારું જ્ઞાન તારામાં જ નિત્ય પ્રાપ્ત છે.

ચારિત્ર આત્માનો ત્રિકાળી ગુણ છે. પરમાં ઠીક-અઠીકની કલ્પના કરતાં પુણ્ય–પાપરૂપ વિકારી લાગણીનું વર્તન થાય તે ચારિત્રગુણની ઊંધી અવસ્થા છે અને નિર્વિકારીપણે શુદ્ધ વર્તન થાય તે ચારિત્રગુણની નિર્મળ અવસ્થા છે. આત્મામાં ચારિત્રગુણરૂપ સ્વભાવ ત્રિકાળ રહેલો છે. આ પ્રમાણે આત્મામાં ગુણના ભેદ પાડી જુદા જુદા બતાવ્યા પણ વસ્તુમાં તે જુદા જુદા નથી, એક સાથે છે. છતાં અજ્ઞાનીને એકલો આત્મા, ભેદ પાડ્યા સિવાય કહે તો સમજી શકે નહીં તેથી વ્યવહારથી 'જે દર્શન, જ્ઞાન, ચારિત્રને નિત્ય પ્રાપ્ત છે તે આત્મા છે' એમ મુખ્ય ત્રણ ગુણોથી ભેદ પાડી સમજાવે છે; પરમાર્થે વસ્તુમાં ભેદ નથી.

શરીર, મન, વાણીની પ્રવૃત્તિ આત્મા કરે છે એમ કહેવું તે તો વ્યવહાર પણ નથી; તેમ જ એકલો શુભરાગ પણ વ્યવહાર નથી. આત્મા અખંડ જ્ઞાન-આનંદમય, પરમાર્થસ્વરૂપ, નિર્વિકલ્પ, અભેદતત્ત્વ છે તેને ગુણના નામભેદ પાડી સમજાવવો તે જ વ્યવહાર છે.

'હું જ્ઞાયક છું, નિર્મળ છું' એવા વિચારમાં મનના સંબંધથી શુભરાગ થઈ આવે છે.

તે શુભરાગ આદરણીય નથી પણ અખંડ વીતરાગી એકરૂપ જે પોતાનો જ્ઞાયક આત્મા છે તે જ પરમાર્થે આદરવા યોગ્ય વસ્તુ છે. તે પરમાર્થ વસ્તુનો અભેદ અનુભવ થયા પછી વ્યવહારના વિકલ્પો છૂટી જાય છે. ગમે તેવા ઊગ્ર પુરુષાર્થ સહિત અભેદ આત્મામાં ઠરવા જાય તોપણ છદ્મસ્થને વચ્ચે અંતર્મુહૂર્ત જેટલો કાળ વ્યવહાર આવ્યા વિના રહે નહીં.

દેહ વડે લેવું-મૂકવું તથા ખાવું-પીવું વગેરે દેહની બધી પ્રવૃત્તિ દેહના જ પરમાણુઓ કરે છે. જડની શક્તિથી જડ પ્રવર્તે છે, છતાં 'હું કરું છું' એવો જે અજ્ઞાનભાવ-મિથ્યાદષ્ટિપણું છે તે અનંત સંસારનું મૂળ છે. જીવ પર ચીજના કોઈ કાર્યનો કર્તા વ્યવહારથી પણ નથી, છતાં અજ્ઞાની કર્તાપણું માને છે. કોઈપણ દેહાદિ જડ ચીજમાં આત્માનો વ્યવહાર હોઈ શકે નહિ.

પ્રશ્ન :—ત્યારે ભગવાને કહેલો વ્યવહાર કયો છે?

ઉત્તર :—આત્મા અનંતગુણનો અખંડ પિંડ ત્રિકાળ ટકનાર ધ્રુવ સ્વરૂપ છે. તેને સત્સમાગમ વડે બરાબર જાણ્યા પછી અભેદ દૃષ્ટિ કરી તેમાં ઠરવા જતાં વચ્ચે વિકલ્પ સહિત જ્ઞાનની વિચારણા આવે છે તે વ્યવહાર છે. અભેદમાં સ્થિર થવા જતાં ભેદરૂપ વ્યવહાર વચ્ચે આવે છે ખરો, પણ તે ભેદ અભેદનું કારણ નથી. અભેદનું લક્ષ જ અભેદ સ્થિરતાને લાવે છે અને ત્યારે તે વ્યવહારને નિમિત્ત કહેવાય છે.

હવે વળી એવો પ્રશ્ન ઊઠે છે કે—પહેલાં એમ કહ્યું હતું કે વ્યવહારને અંગીકાર ન કરવો, પણ જો તે પરમાર્થનો કહેનાર છે તો અર્થાત્ પરમાર્થને સમજાવવામાં તથા ઠરવામાં નિમિત્ત છે તો 'એવા વ્યવહારને કેમ અંગીકાર ન કરવો?' પરથી ભિન્ન એક અખંડ વસ્તુનું લક્ષ કરવા 'હું જ્ઞાન છું, હું દર્શન છું' એવા ભેદ પાડવા તે વ્યવહાર છે તો એવો ભેદરૂપ વ્યવહાર અભેદરૂપ પરમાર્થમાં નિમિત્ત કેવી રીતે થાય છે?

ઉત્તર :—પ્રથમથી જ પોતે 'ભેદ છોડવાયોગ્ય છે' એમ જાણીને અખંડ તત્ત્વને દૃષ્ટિમાં લે તો વચ્ચે આવેલો વ્યવહાર નિમિત્ત થાય છે. [નિમિત્ત એટલે શરૂઆતમાં હાજર હોય અને પરિણતિ વખતે જેનો અભાવ થાય તે]. શુભવિચાર નિમિત્તરૂપે પ્રથમ હાજર હોય છે પણ તેના અવલંબન વડે કાર્ય થતું નથી. ટેકાથી આઘો ખસે (-વ્યવહારનું અવલંબન છોડે) ત્યારે અભેદના લક્ષે પરમાર્થને પહોંચે છે. જેમ કોઈ ઝાડની વચલી ડાળી પકડવા માગતું હોય તે નીચેના ટેકાને છોડી કૂદકો મારે તો જ ડાળ પકડી શકે છે અને ત્યારે ટેકાની હાજરીને નિમિત્ત કહેવાય છે પણ જો તે ટેકાને જ વળગી રહે

અને કૂદકો ન મારે તો ડાળ પકડાય નહિ અને ટેકાને નિમિત્ત પણ કહેવાય નહિ. તેમ આત્મા અખંડ જ્ઞાનસ્વરૂપ છે તે ભેદ પાડ્યા વગર સમજી શકાય તેવો નથી, તેથી પ્રથમમાં પ્રથમ અખંડ વસ્તુ સમજવા માટે એકેક ગુણનો જુદો-જુદો વિચાર આવે છે અને તે વ્યવહાર છે.

લોકો કહે છે કે સમયસારમાં વ્યવહારને ઊડાડ્યો છે. પણ તે કઈ અપેક્ષાએ છે? વ્યવહાર અસત્યાર્થ છે તે વાત ભૂતાર્થને જાણનારા જ સમજી શકે છે અને તે વાત અહીં કહેવાય છે. આ વાત અનંત કાળમાં જીવ સમજ્યો નથી તેથી અપૂર્વ છે પણ જો અંતરની તૈયારીથી એકવાર સમજે તો મોક્ષ થયા વિના રહે નહિ. પરમાર્થને જાણતાં વચ્ચે જ્ઞાનાદિના ભેદ પડે તે વ્યવહાર છે પણ લોકોએ બાહ્ય ક્રિયામાં વ્યવહાર માન્યો છે, પરંતુ તે બધું ધર્મથી જુદું છે. અંતરનો અપૂર્વ ધર્મ ધીરજથી સમજવા માગે તો સમજી શકાય તેવો છે. વર્તમાનમાં તો સર્વજ્ઞ વીતરાગ ભગવાનનો આશય લગભગ ભૂલાય ગયો છે; પક્ષાપક્ષીના જોરે જિનશાસન પિંખાઈ રહ્યું છે. પરમ સત્ય શું છે તે સાંભળવા મળવું દુર્લભ થઈ પડ્યું છે. તે બધાનું કારણ પોતાની પાત્રતાની ઓછપ છે. લોકો પરમાર્થમાં વચ્ચે આવતો વ્યવહાર સમજતા નથી અને વિરોધ કરે છે. વિચાર દ્વારા ગુણમાં ભેદ પાડી અખંડને સમજવો તે વ્યવહાર છે, આ સિવાય બીજો વ્યવહાર નથી એમ અહીં આચાર્યદેવ કહે છે. હવે આ વ્યવહાર પણ અભૂતાર્થ છે તેમ આ અગીયારમી ગાથામાં કહેશે.

સંસારમાં પણ જે ગોઠ્યું હોય તેનો મહિમા સૌ ગાય છે. 'બાપા લીલી વાડી મૂકતા ગયા, આપણી બધી ચિંતા મટાડતા ગયા' એમ દુનિયા ગોઠ્યાનાં વખાણ કરે છે પણ તેમાં આત્માનું જરા પણ હિત નથી. મરનારો તો તેની મમતા સાથે લઈને ગયો છે. લોકો બોલે છે કે 'જેને બાળા તેને શા દુકાળા?' સંસારમાં જે વસ્તુમાં પ્રીતિ હોય તેમાં મોળું સંભારતો નથી, તેનો વિશ્વાસ કરે છે. નાનો છોકરો ઠીક દેખાય તો વખાણ કરે કે 'ભારે હોશિયાર છે, કુટુંબનું દાળદર કાઢશે'–આમ પ્રીતિથી કહે છે પણ 'ભવિષ્યમાં ચાકરી નહિ કરે અને લાકડી મારશે' એવું રાગને વશ સાંભરતું નથી! સંસારની સંયોગી (અનિત્ય) ચીજનો વિશ્વાસ કરે છે પરંતુ અંતરમાં એકવાર શ્રદ્ધા કર કે મારામાં બધા ગુણ પૂર્ણ તાકાતથી ભર્યા છે હું તો જ્ઞાતા–સાક્ષી જ છું, રાગ-દ્વેષ કે મમતાપણે હું નથી—આવી અંતરથી શ્રદ્ધા લાવી વાસ્તવિક પૂર્ણ તત્ત્વને યથાર્થ જાણે તો વર્તમાનમાં જ નિશ્ચય થાય કે હવે સંસારમાં રખડવાનો નથી. એક-બે ભવમાં મોક્ષ પ્રાપ્ત કરીશ જ.

જ્ઞાન પોતાનો સ્વભાવ છે. પચાસ-સાઠ વર્ષ પહેલાંની વાત યાદ કરવી હોય તો તે સંભારવા જ્ઞાનમાં ક્રમ પાડવો પડતો નથી. જેમ કાપડના પચાસ તાકા ઉપરા ઉપર ખડક્યા હોય તેમાંથી નીચેનો તાકો કાઢવો હોય તો ઉપરના તાકા ફેરવ્યા પછી જ નીચેનો તાકો નીકળે, તેમ જ્ઞાનમાં ક્રમ પડતો નથી. પચાસ વર્ષ પહેલાંની વાત યાદ કરવા માટે વચલા ઓગણ પચાસ વર્ષની વાતને સંભારવી પડતી નથી, કારણ કે જ્ઞાન સદાય જાગૃત જ છે. આ રીતે પચાસ વર્ષ પહેલાંની વાત યાદ આવી શકે છે. જ્ઞાનમાં કાળભેદ પડતો નથી, કાળને ખાઈ જાય એવો અરૂપી જ્ઞાનમૂર્તિ આત્મા છે. જ્ઞાનમાં અનંત સામર્થ્ય છે, તેથી પચાસ વર્ષ પહેલાંની વાત પણ ઝટ યાદ આવી શકે છે, તેમાં ક્રમ પાડવો પડતો નથી કે બહારમાં લંબાવું પડતું નથી. અનાદિકાળથી પોતે જ્ઞાનસ્વરૂપ જ રહ્યો છે. જ્ઞાન તાજું ને તાજું રહે છે. જ્ઞાન કરવામાં કોઈ પણ વખતે પરસંયોગ, પરક્ષેત્ર કે પરકાળ આદિ કોઈનો આશ્રય લેવો પડતો નથી.

જ્ઞાન અરૂપી છે તેથી જ્ઞાન ગમે તેટલું વધી જાય તોપણ તેનું વજન લાગતું નથી. પચાસ વર્ષો સુધીમાં ઘણાં પુસ્તકો જાણ્યાં માટે જ્ઞાનમાં ભાર વધી જતો નથી. એ રીતે જ્ઞાનનું વજન નથી કેમ કે તે અરૂપી છે.

જ્ઞાન શુદ્ધ-અવિકારી છે, જ્ઞાનમાં વિકાર નથી. જુવાનીમાં ક્રોધ, માન, માયા, લોભ ખૂબ સેવ્યાં હોય અને વિકારીભાવોથી ભરેલી કાળા કોયલા જેવી જિંદગી ગાળી હોય પણ પછી જ્યારે જ્ઞાનમાં યાદ કરે છે ત્યારે જ્ઞાન સાથે તે વિકાર આવતો નથી; તેથી જ્ઞાન પોતે શુદ્ધ-અવિકારી છે. જો જ્ઞાન વિકારી હોય તો પૂર્વના વિકારનું જ્ઞાન કરતાં તે વિકાર પણ સાથે આવવો જોઈએ એટલે કે જ્ઞાન કરતી વખતે આત્મા વિકારી થઈ જવો જોઈએ પણ તેમ થતું નથી. આત્મા પોતે શુદ્ધ અવસ્થામાં રહીને વિકારનું જ્ઞાન કરે છે. પરના અવલંબનથી અવસ્થામાં ક્ષણિક વિકાર થાય છે તેને અવિકારી સ્વભાવના ભાન વડે સર્વથા તોડી શકાય છે અને જેનો નાશ થઈ શકે તે આત્માનો સ્વભાવ હોય નહીં, તેથી વિકાર આત્માનો સ્વભાવ નથી.

આ રીતે જ્ઞાનની ત્રણ શક્તિ કહી—(૧) જ્ઞાનમાં કાળભેદ નથી, (૨) જ્ઞાનનું વજન નથી અને (૩) જ્ઞાન શુદ્ધ-અવિકારી છે. જ્ઞાનનું આવું સ્વરૂપ સમજવા જેવું છે.

શિષ્યનો પ્રથમ પ્રશ્ન છે કે પ્રભુ! ભેદરૂપ વ્યવહાર અખંડ આત્માને સમજવામાં નિમિત્ત થાય છે, તો તેને કેમ અંગીકાર ન કરવો? તે પ્રશ્નનો જવાબ અગીયારમી ગાથામાં કહે છે.

ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।
भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो॥११॥

વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;
ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે. ૧૧.

ગાથાર્થ :–વ્યવહારનય અભૂતાર્થ છે અને શુદ્ધનય ભૂતાર્થ છે એમ ઋષીશ્વરોએ દર્શાવ્યું છે; જે જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે.

ત્રિલોકનાથ પરમાત્માએ કહેલા કથન અનુસાર ભગવાન કુંદકુંદાચાર્યદેવ જગત ઉપર અપાર કરુણા કરી જગતનું મહા દાળદર (-અજ્ઞાન) ટાળવા માટે સાચી શ્રદ્ધા કોને કહેવી અને તેનો પ્રથમમાં પ્રથમ શો ઉપાય છે તે કહે છે. કોઈ કહે છે કે સમયસારમાં તો સાતમા ગુણસ્થાનની અને તેની ઉપરની ભૂમિકાવાળા માટેની વાત છે, તો તેમ નથી; તેનો ખુલાસો આ અગીયારમી ગાથામાં છે.

મોક્ષમાર્ગમાં પ્રથમમાં પ્રથમ શું જોઈએ? તેનો ઉત્તર એ જ છે કે સર્વજ્ઞના ન્યાય અનુસાર શુદ્ધ આત્માની યથાર્થ શ્રદ્ધા. સમ્યગ્દર્શન વિના સમ્યગ્જ્ઞાન કે સમ્યક્ચારિત્ર ન જ હોય, માટે ધર્મનો પ્રથમ ઉપાય સમ્યગ્દર્શન જ છે અને તે જ આ અગીયારમી ગાથામાં કહે છે.

શુદ્ધનયનો વિષય ત્રિકાળ એકરૂપ પરમાર્થ આત્મા છે તે ભૂતાર્થ છે અને વ્યવહારનય અભૂતાર્થ છે. અરૂપી આત્મા જ્ઞાયક સ્વભાવી ધ્રુવ છે. તે મન, વાણી, દેહ તથા ઈન્દ્રિયોથી સદાય જુદો છે, દેહની કોઈ પ્રવૃત્તિનો કર્તા તે નથી. દેહ તો સંયોગી ચીજ છે, પરમાણુનો બનેલો નાશવાન પિંડ છે. જેમ પાણી અને કાંકરા એક જગ્યાએ રહ્યા છે તોપણ એકરૂપ ન થઈ જાય તેમ દેહ સાથે એકક્ષેત્રે ક્ષણિક સંયોગપણે આત્મા રહ્યો છે, છતાં દેહથી ભિન્ન જ છે.

અખંડ જ્ઞાયક વસ્તુ એવો ત્રિકાળી એકરૂપ આત્મા જ ભૂતાર્થ છે. રાગની મલિન અવસ્થા અને ગુણ-ગુણીના ભેદ પાડનાર જ્ઞાનની અવસ્થા પણ ધ્રુવ નથી, માટે અભૂતાર્થ છે. રાગ અભૂતાર્થ એટલે ક્ષણિક છે, ત્રિકાળ ટકનાર નથી. સ્વરૂપમાં ઠરે તો રાગનો નાશ થઈ જાય છે પણ જ્ઞાનગુણનો કદી નાશ થતો નથી, તેથી રાગ અભૂતાર્થ છે.

ભંગરૂપ વ્યવહાર આત્માની સાથે કાયમ રહેનારો નથી, માટે તે પણ અભૂતાર્થ છે અને ત્રિકાળ ટકનારો જ્ઞાયક શુદ્ધ આત્મા જ ભૂતાર્થ છે. તેને શ્રદ્ધામાં, લક્ષમાં લેવો. જે

જીવ ભૂતાર્થનો આશ્રય કરે છે તે જીવ નિશ્ચયથી સમ્યગ્દૃષ્ટિ છે. ભૂતાર્થ દૃષ્ટિવાળો જીવ જ્ઞાની છે.

**'વ્યવહારનય બધોય અભૂતાર્થ હોવાથી અવિદ્યમાન, અસત્ય, અભૂત અર્થને પ્રગટ કરે છે......'**

ભૂતાર્થ અખંડ ધ્રુવ સ્વભાવ છે તે જ આદરવા યોગ્ય છે અને વ્યવહાર તો વર્તમાન ભેદરૂપ, વિકારરૂપ, ક્ષણિક છે તેથી આદરવા યોગ્ય નથી. અખંડ પદાર્થનું લક્ષ કરતાં વચ્ચે ભેદના વિચારમાં શુભ વિકલ્પ થઈ આવે છે તે પુણ્યભાવ છે, બંધનભાવ છે, અસ્થાયીભાવ છે અને તેથી અભૂતાર્થ છે એટલે કે આદરવા યોગ્ય નથી.

નિશ્ચય અને વ્યવહાર બંને આત્મામાં છે. પર ચીજ સાથે આત્માને કાંઈ સંબંધ નથી. શરીરની કોઈ પ્રવૃત્તિ કે બાહ્યની કોઈ ક્રિયા આત્માને આધીન નથી, કારણ કે પરવસ્તુ સ્વતંત્ર છે, તે કોઈને આધીન નથી.

બધું ન્યાયથી કહેવાય છે, સમજ્યા વગર માની લ્યો એમ કાંઈ કહેતા નથી. વિચાર કરો તો બે તત્ત્વો એક બીજાથી તદ્દન જુદાં લાગશે.

આત્મામાં એક સમયની વર્તમાન અવસ્થા પૂરતો પર સંયોગ આધીન વિકાર છે તે પણ પર છે, કારણ કે આત્મા ટકે ત્યાં સુધી તે ટકનાર નથી. તેથી પુણ્ય-પાપરૂપ વિકાર પણ અભૂતાર્થ છે. એ જ રીતે આત્માનો વિચાર કરતાં ગુણ-ગુણી ભેદરૂપ વિચાર, અસ્થાયી વિકલ્પ અને અધૂરી અવસ્થાના ભેદ પણ વ્યવહારનયનો વિષય હોવાથી અભૂતાર્થ છે અને ત્રિકાળ એકરૂપ ટકનાર શુદ્ધ જ્ઞાયક આત્મા ભૂતાર્થ છે. તેને જ ગ્રહણ કરી તેની શ્રદ્ધા કરવી તે સમ્યગ્દર્શન છે. આ પહેલાંમાં પહેલો મોક્ષનો પાયો છે, આત્માના મોક્ષનું ખાતમુહૂર્ત છે—એમ સર્વજ્ઞ ભગવાન કહે છે.

જેમ મેડી ઉપર જતાં વચ્ચે દાદરાનાં પગથીયા આવે છે તે છોડવા માટે છે, પગ રાખી મૂકવા માટે નથી. ચઢનારને પ્રથમથી જ ખ્યાલમાં છે કે પગ મૂકું છું તે ઉપાડવા માટે છે, તેમ જે અનાદિથી અજ્ઞાની છે તેને પરથી જુદો અખંડ પરમાર્થસ્વરૂપ આત્મા સમજાવતાં વચ્ચે ભેદ આવે છે પણ તે કાઢી નાખવા માટે છે, રાખવા માટે નથી. સમજનારે પણ પોતાને જેટલા વિકલ્પો હોય તેનો આદર ન કરવો અને અભેદ પરમાર્થ તરફ પ્રથમથી જ લક્ષ રાખવું જોઈએ. જેની પરમાર્થ ઉપર દૃષ્ટિ નથી તે શુભભાવરૂપ પુણ્યમાં કે ભેદમાં જ રોકાઈ જાય છે. તે ત્રિકાળી નથી પણ અભૂતાર્થ છે અને અભૂતાર્થ

ભૂતાર્થનું કામ કરે નહિ. શુદ્ધનયનો વિષય ભૂતાર્થ છે, તેથી અખંડ ધ્રુવ જ્ઞાયક નિર્મળ સ્વભાવને પ્રથમ જ્ઞાનમાં ગ્રહણ કરવો.

હવે કોઈ પ્રશ્ન કરે કે–અરૂપી આત્મા નજરે દેખાતો નથી તો તેને કેમ માનવો? તેનો ખુલાસો–સ્ત્રી, ધન, પુત્ર, આબરું વગેરેમાં સુખ છે એવું માન્યું છે તો શું સુખ જોઈને માન્યું છે? પરમાં સુખ જોઈને તો નક્કી કર્યું નથી, કેમ કે આંખ વડે તે દેખાતું નથી છતાં માને છે, તેમ જ 'સુખ આમાં છે' એવી કલ્પના કોણે કરી છે? જેણે કલ્પના કરી છે તે કલ્પના કરનારો આત્મા જ છે. મારી મને ખબર નથી એમ કોણે જાણ્યું? તે જાણનારો સદા જાણનાર સ્વરૂપે છે, અરૂપી સાક્ષીપણે છે. પરંતુ પોતે પોતાની દરકાર કરી નથી તેથી જણાતો નથી. સમજવાની ધગશ હોય તો પોતાનું સત્ત્વ પોતે જ છે તેથી જરૂર સમજાય તેવું છે.

જ્ઞાની કહે છે કે 'કાલે છોકરો મોટો થઈ જશે, પછી મોટો પગાર લાવશે.' એવો ક્ષણિક પર સંયોગનો આશ્રય કરે છે તેને છોડી દઈને અંદર પૂર્ણ સુખસ્વભાવ છે ત્યાં લક્ષ કરીને ઠર! તો સિદ્ધ પરમાત્મા જેવા ગુણોનો અંશ ઉઘડશે અને પૂર્ણના લક્ષે તું પણ પરમાત્મા થઈ જઈશ!

પરને પોતાના માનતાં વિકારરૂપ પરાધીનતા આવે છે. સ્વને માનવામાં વિકારરૂપ પરાધીનતા થતી નથી. વિકાર(-પરાધીનતા) વિનાની દૃષ્ટિનો વિષય ત્રિકાળી અખંડ જ્ઞાયક આત્મા છે. તે નિર્મળ એકરૂપ ધ્રુવ સ્વભાવ જ આદરણીય છે એવી જેને શ્રદ્ધા છે તે જીવ ધર્મી–સમકિતી છે.

(ક્રમશઃ)

જેને દુઃખનો નાશ કરવો છે તેણે પ્રથમ શું કરવું?—કે પર તરફના વિકલ્પો છોડી, રાગનો પ્રેમ તોડી, મતિને અંતરમાં જોડવી. વારંવાર બુદ્ધિપૂર્વક સ્વતરફ જોડાણ કરવું. પૂર્ણ જ્ઞાનાનંદ ભગવાન આત્મામાં ફરી ફરીને મતિ-શ્રુતને જોડવાં. તેથી ભ્રાંતિનો નાશ થશે, ભ્રાંતિગત અજ્ઞાનદશાનો નાશ થશે, મિથ્યાત્વનો નાશ થશે કે જે દુઃખનું મૂળ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# સમભાવથી ભિન્ન એવા સર્વ ભાવોનો સંગ છોડી દે!

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૧૪૯)

આ શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. બીજા અધિકારની ૧૦૮ ગાથા થોડી ચાલી ગઈ છે, ભાવાર્થ ફરી લઈએ.

ભાવાર્થ :—શુદ્ધોપયોગી મુનિ વીતરાગસ્વસંવેદનજ્ઞાનમાં લીન થયા થકાં પરદ્રવ્યો સાથે સંબંધ છોડી દે છે....

શુદ્ધોપયોગી મુનિ અર્થાત્ આત્માના પરમાનંદ સ્વભાવના આચરણરૂપ વ્યાપારી જીવ—શુદ્ધાચરણનો વ્યાપાર કરનારા જીવને મુનિ કહે છે. શુદ્ધોપયોગ એટલે જેમાં સ્વરૂપના આચરણની ઉગ્રતા છે. શુભભાવરૂપ આચરણ છે તે અશુદ્ધોપયોગ છે અને જ્ઞાનાનંદ શુદ્ધચૈતન્યમાં લીનતારૂપ આચરણને શુદ્ધોપયોગ કહેવાય છે.

અહીં ઉત્કૃષ્ટ વાત લીધી છે એટલે કહ્યું કે મુનિરાજ વીતરાગતામાં લીન થયા થકાં પરદ્રવ્યનો સંબંધ છોડી દે છે. અંતરમાં લીન થતાં વિકાર-રાગાદિ ભાવકર્મ અને બહારના શરીરાદિ એ બધા પરદ્રવ્ય છે, શુદ્ધ ચૈતન્ય આનંદઘન અનાકુળ આનંદકંદ સિવાયના જે શુભ-અશુભ વિકલ્પ—રાગ છે તે અભ્યંતર પરદ્રવ્ય છે તેનો સંસર્ગ છોડી દે છે. એટલે તેનું લક્ષ છોડીને મુનિરાજ સ્વરૂપના આચરણના લક્ષમાં આવે છે. આવું આચરણ કરવું તે જ મુક્તિનું કારણ છે.

મહાશાંતિનો કંદ—ડુંગર આત્માનો સંસર્ગ કરીને, પરદ્રવ્યનો સંસર્ગ મુનિ છોડી દે છે. તેમાં શરીર, કર્મ, રાગાદિ વિકલ્પનો સંસર્ગ છોડે છે તે નિશ્ચય છે અને પોતાથી અન્ય રાગી, દ્વેષી, મિથ્યાત્વી અસંયમીજીવોનો સંગ છોડી દે છે તે વ્યવહાર છે. મૂળ તો સ્વભાવના આશ્રયે પરદ્રવ્યનો સંસર્ગ છૂટી જાય છે તેને ઉપદેશની ભાષામાં એમ કહેવાય કે મુનિ પરદ્રવ્યના સંસર્ગને છોડી દે છે.

એક નિજ શુદ્ધ ભગવાન આત્માના પૂર્ણ સ્વરુપની એકાગ્રતામાં રહેવું તે જ મોક્ષનો ઉપાય છે. ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ છે, વીતરાગ અકષાય વિજ્ઞાનઘનસ્વરુપ છે તેમાં એકાગ્રતારુપી આચરણ કરવા માટે બીજાનો સંગ મુનિ છોડી દે છે, કેમ કે પરદ્રવ્યનો સંગ છે તે સ્વરુપના ધ્યાનમાંથી ખસી જવાનું કારણ થાય છે. વીતરાગ નિત્યાનંદ

અમૂર્તસ્વભાવ પરમ સમરસીભાવરુપ પરમાત્મતત્ત્વના ધ્યાનમાંથી પરદ્રવ્યના સંગે ચલાયમાન થઈ જવાય છે અર્થાત્ ત્રણગુપ્તિરુપ સમાધિથી રહિત થઈ જાય છે માટે મુનિરાજ પરદ્રવ્યનો સંગ છોડી દે છે.

અહીં ગાથામાં સારાંશ એ છે કે પરમધ્યાનના ઘાતક જે મિથ્યાત્વ રાગાદિ અશુદ્ધ પરિણામ તથા રાગી-દ્વેષી પુરુષોનો સંસર્ગ સર્વથા ત્યાગ કરવો જોઈએ. સંયોગોનું લક્ષ છોડવું, સંયોગીભાવોનું પણ લક્ષ છોડવું અને સ્વભાવભાવનું લક્ષ અને સ્થિરતા કરવી એ મુનિઓને કરવા જેવું કાર્ય—યોગ્ય આચરણ છે એટલે તો ધ્યાન અને સ્વાધ્યાય એ બે જ મુનિના કાર્ય કહ્યા છે. આમ તો ધ્યાન જ મુખ્ય કાર્ય છે પણ તેમાં ટકી ન શકે ત્યારે મુનિ સ્વાધ્યાય કરે છે.

આ ૧૦૮ ગાથા થઈ. હવે તે જ પરદ્રવ્યોને ફરી છોડવાનું કથન કરે છે.

સ્વદ્રવ્યસ્વભાવની દૃષ્ટિ કરીને સ્વદ્રવ્યનું જ આલંબન કરવું, પરદ્રવ્યના આલંબનમાં વિકલ્પ ઊઠે છે માટે તેને છોડવું.

जो समभावहँ बाहिरउ तिं सहुं मं करि संगु।
चिंता-सायरि पडहि पर अण्णु वि ऽज्झई अंगु ॥१०९॥

અર્થ :—જે કોઈ સમભાવ અર્થાત્ નિજભાવથી બાહ્યપદાર્થ છે તેની સાથે સંગ ન કર! કેમ કે તેની સાથે સંગ કરવાથી ચિંતારુપી સમુદ્રમાં પડીશ. શરીર પણ દાહને પ્રાપ્ત થશે અર્થાત્ અંદરથી જલતો રહીશ.

સમભાવ કહો કે નિજભાવ બંને એક જ છે, તેનાથી બાહ્ય એવા પદાર્થોનો સંગ ન કર! કેમકે તેનો સંગ કરવાથી વિકલ્પની જાળ, કલ્પનાની જાળ ઊઠે છે. તારું પરમાત્મસ્વરુપ તો કલ્પનાના મળથી રહિત છે, ત્રિકાળ એકરુપ સમભાવ સ્વરુપ છે તેને ધ્યેય બનાવીને તેના ધ્યાનમાં લીન થવું; તે વિના જીવ કલ્પનાના સમુદ્રમાં પડીને દુઃખી થાય છે. સ્વભાવસમુદ્ર ભગવાન આત્મામાં ડૂબકી મારવાને બદલે કલ્પનાના સમુદ્રમાં પડવાથી ચિંતાની અગ્નિમાં બળાય છે, શાંતિનો ભંગ થાય છે.

શ્રોતા :—આ તો મુનિની વાત છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—મુનિને ઉદ્દેશીને વાત કરી છે પણ બધાને માટે આ ભલામણ છે. મુખ્યપણે મોટા દીકરાને આ ભલામણ લાગુ પડે છે. બાપ મોટા દીકરાને કહે છે કે જો ભાઈ! આપણા ખાનદાનની આ રીત છે તેમાં ફેરફાર ન થાય હો....આમ મોટાંને કહે ત્યાં બધાએ સમજી લેવાનું હોય. છોકરાનું સગપણ કર્યું હોય અને તેને કન્યા બરાબર ન લાગે તો સગપણ તોડવાની વાત કરે તો બાપ એમ કહે કે ભાઈ એ વાત આપણા ઘરે ન બને. એ જ કન્યા સાથે

તારે લગ્ન કરવા પડશે. બીજી વાત નહિ પાલવે. આમ કહે ત્યાં બધા છોકરા સમજી જાય કે અહીં બીજી વાત નહિ ચાલે. જોકે અત્યારે તો ક્યાં કાંઈ ઠેકાણું છે ! પણ પહેલાં તો એવું હતું કે અનંતા ભવ કર્યા છે તેમ આ ભવમાં પણ આ ચલાવી લેવાનું છે, બીજી વાત નહિ ચાલે.

અહીં ધર્મપિતા ત્રિલોકીનાથની પોતાના મોટા પુત્ર મુનિને સંબોધીને બધી વાત આવે છે પણ પેટામાં બધાએ સમજી લેવું. ભાઈ! પરદ્રવ્યનો સંગ ન કર. ભાઈ! અસંગ ચૈતન્ય પ્રભુ, રાગ વિનાની મહાન ચીજ તારી પાસે છે ને ! તેની દૃષ્ટિ, તેનું જ્ઞાન અને તેની લીનતા એ તને શાંતિનું આપનાર છે. બાકી, પરદ્રવ્યના સંસર્ગમાં તો તું ચિંતાના સાગરમાં અને વિકલ્પની જાળમાં ખોવાઈ જઈશ. દુનિયામાં તો બધું એમ જ ચાલે છે પણ તું જો સંસર્ગ કરીશ તો તું પણ ચિંતાના સાગરમાં પડીને દુઃખી થઈશ.

જયસેન આચાર્ય ત્યાં પુણ્ય-પાપ અધિકારના અંતમાં કહે છે કે ભાઈ! વ્યવહાર-રત્નત્રયના વિકલ્પમાં આવે છે તે નિશ્ચયરત્નત્રયથી પતિત થાય છે. સ્વરુપની દૃષ્ટિ-જ્ઞાન-લીનતા જ નિશ્ચયરત્નત્રય છે, તે આરાધવાલાયક છે. વ્યવહારરત્નત્રયમાં આવવું એ દોષ છે, કેમ કે એક તો નિશ્ચયરત્નત્રયથી પતિત થવાય છે અને બીજું નિશ્ચયની અપેક્ષાએ વ્યવહાર છે તે ખરેખર પાપ છે એમ ત્યાં લીધું છે.

ભગવાન આત્માને દૃષ્ટિમાં લઈને પછી તેમાં ઠરવાની વાત છે. આનંદ જીવને પ્રિય છે ને! માટે કહ્યું કે નિત્યાનંદ પ્રભુ અનંતગુણનો પિંડ એકલો નિર્વિકલ્પસ્વરુપ છે તેની શ્રદ્ધા-જ્ઞાન અને લીનતા છોડીને જો તું પરની ચિંતામાં ગયો તો પરની ચિંતાના સાગરનો કદી પાર નહિ આવે. સમજાણું કાંઈ !

આનંદઘનજી જેવા પણ લખી ગયા છે કે—

"વ્યવહાર લખ દોહ્યલા, કાંઈ ન આવે હાથ રે,
પરમારથપંથ સેવતાં, રહે ન દુનિધા સાથ રે..."

પોતાના વીતરાગી શુદ્ધજ્ઞાનઘન પ્રભુમાં એકાગ્ર થવું તે એક જ શુદ્ધનય અને શુદ્ધનયનો વિષય છે. બાકી વ્યવહારના પક્ષમાં પડવા જઈશ તો પાર નહિ આવે. એ શ્રદ્ધા-જ્ઞાન અને આચરણમાં બહુ કલ્પનાની જાળ છે માટે જો કલ્પનાના રસ્તે ચડી જઈશ તો ઊંઘ પણ નહિ આવે અને શરીરમાં દાહ થશે. શરીર તપી જશે એ તો ભલે એના કારણે તપશે પણ તારો આત્મા ચિંતાથી દુઃખી થશે.

"ચિંતાથી ચતુરાઈ ઘટે, ઘટે રુપ, ગુણ, જ્ઞાન,
ચિંતા બડી અભાગણી, ચિંતા ચિત્તા સમાન."

નાની ઉંમરમાં દલપતરામ કવિની આ કડી બાળકો શીખતાં. આ ભગવાન ચિંતારહિત છે તેના નિશ્ચળ અને નિભૃત સ્વરુપમાં ઠરવું એ એક જ પ્રયોજનભૂતકાર્ય છે. તે કાર્ય ન કરી શકે ત્યાં સુધી અંતરમાં નિશ્ચય રાખજે કે આત્માનું ધ્યાન કરવું એ જ કર્તવ્ય છે. નિયમસારમાં (ગાથા-૧૫૪મા) આવ્યું છે કે ધ્યાનમય પ્રતિક્રમણ ન કરી શકે ત્યાં સુધી શ્રદ્ધા તો બરાબર રાખજે કે સ્વરુપની સ્થિરતા જ કરવાલાયક છે, એ જ મુક્તિનું કારણ છે એમ શ્રદ્ધા પાકી રાખજે.

બીજી બધી ચિંતા છોડીને એક ફેંસલો કરી નાંખો કે જેટલો વિકલ્પ ઊઠે છે તે બધો દોષ છે અને સ્વરુપમાં સ્થિરતા કરવી એ ગુણ છે. લાખ વાતની આ એક વાત છે.

ભાવાર્થ :—જીવિત-મરણ, લાભ-અલાભ આદિમાં સમભાવ રાખવો. જીવિત હો કે મૃત્યુ હો, લાભ હો કે અલાભ હો...શિષ્યોનો કે આબરૂનો, પુસ્તકનો કે કોઈ બાહ્ય વસ્તુનો લાભ હો કે અલાભ હો, અભિનંદન હો કે નિંદા હો—એ બધી બહારની ચીજ છે તેની સાથે આત્માને કાંઈ સંબંધ નથી. માટે દરેક પ્રત્યે તુલ્યભાવ—સમભાવ રાખવો. સમભાવથી જુદા સર્વ ભાવોનો સંગ છોડી દે !

ભગવાન આત્માનો પરમસ્વભાવ શાંત છે, તેની સન્મુખ થયેલો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો ભાવ 'સમભાવ' છે તે જ નિજભાવ છે. સાથે વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે તે નિજભાવ નથી, પરદ્રવ્ય છે. તેનો સંગ છોડી દે! અસંગ પ્રભુ ચૈતન્યને વિકલ્પનો કે રાગનો પણ સંગ નથી એવું એ તત્ત્વ છે.

ચૈતન્ય મહાપ્રભુ નિર્મળ જ્ઞાન-દર્શનાદિ ગુણથી ભરેલો છે. તેની સન્મુખનો ભાવ એટલે વીતરાગભાવ અથવા નિશ્ચયરત્નત્રય અને તેનાથી વિરુદ્ધભાવને વિષમભાવ કહો કે વિભાવભાવ કહો કે પરદ્રવ્ય કહો.

શ્રોતા :—વિભાવભાવને પરદ્રવ્ય કહી દીધા !

પૂજ્ય ગુરુદેવશ્રી :—પરદ્રવ્ય જ છે. આચાર્યે નિયમસારમાં તો ક્ષાયિકભાવને પરદ્રવ્ય કહ્યો છે કેમ કે જેમ પરદ્રવ્યમાંથી જીવની નિર્મળપર્યાય આવતી નથી તેમ ક્ષાયિકભાવમાંથી પણ નવી નિર્મળપર્યાય આવતી નથી. ક્ષાયિકભાવના આશ્રયે પણ નિર્મળતા પ્રગટતી નથી. તેથી નિયમસાર-૫૦ ગાથામાં ચારેય ભાવને પરદ્રવ્ય કહી દીધા છે. ત્રિકાળદ્રવ્યના અવલંબને અને ત્રિકાળ દ્રવ્યમાંથી જ નિર્મળપર્યાય આવે છે.

વિશુદ્ધ, ત્રિકાળ, જ્ઞાન-દર્શનમય પોતાના પરમાત્મદ્રવ્યની સન્મુખ થયેલ નિશ્ચય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને જ અહીં સમભાવ અથવા વીતરાગી પર્યાય કહેવામાં આવે છે.

તેનાથી વિરુદ્ધ જે કોઈ ભાવો છે તેને વિષમભાવ—વિભાવભાવ અર્થાત્ પરદ્રવ્ય કહેવામાં આવે છે કેમ કે એ વિષમભાવના સંગથી તું ચિંતારુપી સમુદ્રમાં પડી જઈશ. માટે ફિકરની ફાકી કરીને, ચિંતારુપી સમુદ્રમાં નહિ પડતાં, ચૈતન્યરત્નાકરમાં પડવું યોગ્ય છે.

ભગવાન આત્મા શુદ્ધ ચિદ્ઘન, અનાકુળ આનંદધામ જ્યાં જ્ઞાનની નજરમાં તરવરે અને તેમાં જ્ઞાન ઠરે તેનું નામ સમભાવ છે. પંચમહાવ્રતના વિકલ્પ કે ભગવાનની પૂજા-ભક્તિ આદિનો ભાવ એ સમભાવ નથી. એ ભાવ હોય છે પણ તે સમભાવ નથી. અહીં તો વીતરાગ-ભાવ તે સમભાવ છે એમ સિદ્ધ કરવું છે કેમ કે ભગવાન આત્મા વીતરાગવિજ્ઞાનઘન છે. તેના સન્મુખનો વીતરાગી પર્યાય એ જ સમભાવ છે, એ જ મુક્તિનો ઉપાય છે, કારણ છે, હેતુ છે. તેમાંથી બહાર નીકળીશ તો કલ્પનાની જાળમાં પડવું પડશે પ્રભુ ! તેમાં ક્યાંય તારું હિત નથી.

કોઈ એમ માને કે અમારે તો દુનિયાના હિત માટે વિકલ્પ ઊઠાવવો પડે છે. અરે ભાઈ! દુનિયાનું હિત કાંઈ તારા વિકલ્પથી થાય તેમ છે! જેનું હિત થાય છે તે તેની પોતાની યોગ્યતા વડે થાય છે. 'હું બીજાનો મોક્ષ કરાવી દઉં' એવા અધ્યવસાય વડે કોઈનો મોક્ષ થતો નથી. આચાર્યદેવે બંધ અધિકારમાં કહ્યું કે જીવ પોતાના સરાગભાવ વડે સંસાર અને વીતરાગભાવ વડે મોક્ષ પામે છે તેમાં બીજાનો અધ્યવસાય કાંઈ કામ આવતો નથી. પોતાની ઉપયોગભૂમિમાં જે રાગ-દ્વેષમાં એકતાબુદ્ધિ કરે છે તે બંધને પામે છે. 'ઉપયોગભૂ' શબ્દ કહ્યો છે ને! શાસ્ત્રે તો અહો...હો...હો...બહુ શબ્દો વાપરીને સમજાવ્યું છે. ઉપયોગભૂ એટલે ભૂમિ ક્યાં આવી? કે તારી અંદર જ્ઞાનભૂમિમાં રાગ-દ્વેષ કરે છે એમ નહિ પણ રાગ-દ્વેષમાં એકત્વ કરે છે તે બંધને પામે છે અને જે જ્ઞાનભૂમિમાં રાગ-દ્વેષનું એકત્વ કરતો નથી તે મોક્ષને પામે છે. અસ્થિરતાના રાગ-દ્વેષ થાય તેની વાત ત્યાં લીધી જ નથી. રાગ-દ્વેષ થવા તે મુખ્ય સંસાર નથી. રાગ-દ્વેષમાં એકત્વ કરવું તે મુખ્ય સંસાર છે અને તે બંધનું કારણ છે.

અહા! આચાર્યોએ તો ગજબ કામ કર્યા છે ને! ઉપયોગમાં રાગાદિનું એકત્વ તે બંધ છે. જાણનાર-દેખનાર ભગવાન આત્મા પોતાના ઉપયોગમાં રાગાદિ વિકલ્પને એકપણે કરે છે તે બંધ છે.

રાગાદિ પરદ્રવ્યના સંગથી ચિંતારુપી સમુદ્રમાં પડી જવાશે કે જે સમુદ્ર રાગ-દ્વેષરુપી કલ્લોલોથી વ્યાકુળ છે. તેના સંગથી મનમાં ચિંતા ઉત્પન્ન થશે અને શરીરમાં દાહ થશે. અહીં તાત્પર્ય એ છે કે વીતરાગ નિર્વિકલ્પ પરમસમાધિની ભાવનાથી વિપરીત જે રાગાદિ અશુદ્ધ પરિણામ છે તેને જ પરદ્રવ્ય કહેવામાં આવે છે. વ્યવહારરત્નત્રયનો વિકલ્પ પણ પરદ્રવ્ય છે કેમ કે એ પણ નીકળી જાય છે, એ કાંઈ સ્વદ્રવ્યનું સ્વરુપ નથી. સ્વદ્રવ્યમાં જે હોય તે કદી નીકળે નહિ અને જે નીકળી જાય તે સ્વદ્રવ્યનું નથી.

શુદ્ધસ્વભાવી ભગવાન આત્માની સન્મુખતાના પરિણામ સિવાય જે કોઈ વિકલ્પ આદિ છે તેને ભગવાન પરદ્રવ્ય કહે છે. જેને ઊંધી માન્યતાના લાકડા અંતરમાં પડ્યા છે, વસ્તુની સ્વતંત્રતાનું ભાન નથી, વસ્તુના સામર્થ્યની ખબર નથી, વસ્તુસ્વરુપથી વિરુદ્ધ માન્યતાના શલ્ય લઈને બેઠા છે તે મિથ્યાત્વી છે. ઊંધા લાકડા એટલે ઊંધા શલ્ય, ઊંધી દૃષ્ટિ. આમ, નિશ્ચયથી વિકલ્પોને પરદ્રવ્ય કહ્યા અને વ્યવહારથી મિથ્યાત્વ પરિણત પુરુષોને પરદ્રવ્ય કહ્યાં છે. તે બધાનો સંગ તું છોડી દે! એક ભગવાન આત્માની દૃષ્ટિ કરીને તેમાં સ્થિર થવું તે જ તારું કાર્ય છે.

પરદ્રવ્યની સંગતિ દુઃખદાયક છે. પરદ્રવ્ય દુઃખદાયક નથી પણ તેની સંગતિ સર્વદા દુઃખ દેવાવાળી છે, કોઈ પ્રકારે સુખદાયી નથી માટે, પરદ્રવ્યની સંગતિ છોડવાલાયક છે.

હવે આગળ કહે છે કે 'પરદ્રવ્યનો પ્રસંગ મહાન દુઃખરુપ છે' એ વાત દૃષ્ટાંતથી દૃઢ કરીએ છીએ.

भल्लाहँ वि णासंति गुण जहँ संसग्ग खलेहिं ।
वइसाणरु लोहहँ मिलिउ तें पिट्टियइ धणेहिं ॥११०॥

અર્થ :—વિવેકી જીવો પણ જો દુષ્ટોનો સંગ કરે છે તો તેના સત્ય, શીલ, આદિ ગુણ નષ્ટ થઈ જાય છે, જેમ આગ લોખંડથી મળી જાય છે ત્યારે જ પીટવામાં—ફટકારવામાં આવે છે.

"કર્મ બિચારે કૌન, ભૂલ મેરી અધિકાઈ,
અગ્નિ સહૈ ઘનઘાત, લોહકી સંગતિ પાઈ."

લોખંડની સંગતિ અગ્નિ કરે છે તો પીટાય છે, એકલી અગ્નિને કોઈ પીટતું નથી. તેમ ચૈતન્ય-અગ્નિ એકલી હોય તો તેને દુઃખ નથી પણ જો તે કર્મના લક્ષે કર્મના સંગમાં દોરાઈ જાય છે તો તેને દુઃખના ઘણ સહન કરવા પડે છે. કર્મ તો બિચારા જડ છે તેને તો કાંઈ ખબર નથી માટે તેને એમ ન કહેવાય કે તું મને દુઃખ આપે છો. ભૂલ તો મારી પોતાની છે.

भद्राणमपि એટલે ભદ્રિક જીવો અર્થાત્ વિવેકી જીવો પણ જો દુષ્ટોનો સંગ કરે—દુષ્ટોને ભલા માનીને સંસર્ગ કરે તો તેના સત્, શીલ આદિ ગુણો નષ્ટ થઈ જાય છે. તેથી તો પદ્મનંદિ પંચવિંશતિકામાં કહ્યું છે કે જેનાથી પોતાની શ્રદ્ધામાં દૂષણ લાગતું હોય તેવા દેશ, કુળ, જાતિ આદિને છોડી દેવા...

જેમ અગ્નિ જ્યારે લોખંડમાં પ્રવેશ કરે છે ત્યારે તેને લુહાર દ્વારા કૂટવામાં આવે છે,

એકલી અગ્નિને કોઈ કૂટતું નથી, તેમ વિવેકી જીવો જ્યારે રાગી-દ્વેષી, અવિવેકી જીવોના સંગમાં આવે છે ત્યારે તેના સમ્યક્ત્વ, શીલ આદિ ગુણો નાશ પામે છે. પર્યાયની દૃષ્ટિએ વાત છે. ગુણો કદી નાશ પામતા નથી. અવિવેકીના સંગથી વિવેકીના ગુણ નાશ પામે છે એ વ્યવહાર થયો. હવે નિશ્ચયથી શું થાય છે?—કે મિથ્યાત્વ, રાગાદિ અશુદ્ધ ભાવોના સંગથી આત્માના નિજગુણ મલિન થઈ જાય છે. માટે ખરેખર તો તારી પર્યાયમાં રહેલા મિથ્યાત્વ, રાગાદિભાવો જ પરદ્રવ્ય છે તેનો સંગ છોડી દે. સમયસારમાં કહ્યું ને! મિથ્યાત્વ, રાગાદિ પરિણામ પુદ્‌ગલના છે કેમ કે એ જીવની જાતની નથી, જીવની અનુભૂતિથી ભિન્ન છે. આત્માનો મારગ તો વીતરાગમાર્ગ છે ભાઈ! માટે તે રાગથી ભિન્ન છે. માટે વીતરાગમાર્ગમાં રાગનો પરિચય ન કર!

શુદ્ધ ચૈતન્યના દૃષ્ટિ, જ્ઞાન અને લીનતારુપ પ્રગટેલા ગુણોને ભ્રમણાના લાકડા નાશ કરી નાખે છે. અરે! આત્મા કાંઈ આવડો મોટો શક્તિવાળો હોય! આત્મા કાંઈ વિકાર વિનાનો હોય! વગેરે પ્રકારની ભ્રમણાઓ આત્માના નિજગુણને હણી નાખે છે માટે તેનો સંબંધ–પરિચય છોડી દે ભાઈ! સ્વરૂપની દૃષ્ટિ કરીને પરનો આશ્રય છોડી દે!

આ સાંભળીને કોઈ સાચી સમજણ કર્યા વગર સત્‌સમાગમ છોડી દે તો તે યોગ્ય નથી. પોતે કાંઈ સમજતો ન હોય અને 'આપણે કોઈનો સંગ કરવો નથી, આપણે તો ધ્યાન કરશું'....પણ ભાઈ! સમજ્યા વગર ધ્યાન કોનું કરીશ? ધૂળનું? આત્મા શું છે? ગુણો શું છે? પર્યાય કેમ થાય છે? વિભાવ શું છે? વિકાર કેમ થાય છે? સ્વભાવ કેમ પ્રગટે છે? સંયોગીચીજ શું છે? સંયોગ સ્વયં પલટે છે? સાત તત્ત્વ શું છે? નવપદાર્થ કઈ રીતે છે? આ બધું જ જેમ છે તેમ જાણ્યા વગર 'આપણે કોઈનો સંગ કરવો નથી' એમ ન હોય. ખોટા દેવ-ગુરુનો સંગ ન કરવો પણ સાચા દેવ-ગુરુ અને જિનવાણીનો સંગ ન કરવો એમ ન હોય. આપણે કોઈનું સાંભળવું જ નહિ એવું ન હોય. ખોટા સંગનો નિષેધ છે. બાકી આત્માના ભાન વગર સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો સંગ છોડી દેશો તો તો ભ્રષ્ટ થશે. શ્રીમદ્‌ના દોહામાં આવે છે ને!

'ઉપાદાનનું નામ લઈ, એ જે તજે નિમિત્ત,
પામે નહિ સિદ્ધત્વને, રહે ભ્રાંતિમાં સ્થિત.

સાચા દેવ-શાસ્ત્ર-ગુરુ શું કહે છે તેનું જ્ઞાન તો પ્રથમ બરાબર હોવું જોઈએ. તે જ્ઞાન વગર ઠરી જવા માંગે છે તે ક્યાં ઠરશે? વસ્તુસ્વરુપ જેવું છે તેવું ભાવમાં ભાસન આવ્યા વિના ઠરી શકાતું નથી. વસ્તુસ્વરુપ ભાવભાસનમાં આવે ત્યારે નક્કી થાય કે આમા ઠરવાથી જ મારી મુક્તિ થાય તેમ છે. વસ્તુને સમજ્યા વિના આંખો બંધ કરીને બેસી જવાથી ઠરી શકાતું નથી. એક માંણસ આવ્યો હતો કે મને કોઈ એક શબ્દ એવો આપો કે જેના જાપથી મારી

મુક્તિ થઈ જાય. હું 'ઓમ'નો જાપ તો ૧૬ વર્ષથી કરું છું પણ કાંઈ થતું નથી. કીધું ભાઈ એવો કોઈ શબ્દ નથી કે જેનો જાપ કરવાથી શાંતિ થઈ જાય. પહેલાં આત્માને તો સમજો કે હું કોણ છું? આત્માને સમજ્યા વિનાનું ધ્યાન તો થોથા જેવું લાગશે. પ્રથમ ગુરુગમ દ્વારા, સત્ સમાગમ દ્વારા નય, નિક્ષેપ, પ્રમાણથી વસ્તુસ્વરૂપ નક્કી થવું જોઈએ એ વિના અન્યમતિ પણ આત્મા કહે અને ભગવાન પણ આત્મા કહે તેમાં બહુ મોટો ફેર છે એ નહિ સમજાય. આત્મા...આત્મા...તો સહુ કહે પણ આત્મા કેવો? જેની એક જ્ઞાનપર્યાયમાં છ દ્રવ્ય સમાઈ જાય એવી એક પર્યાય, એવી અનંતી પર્યાયનો એક ગુણ અને એવા અનંતગુણનું એક દ્રવ્ય—તે આત્મા છે. 'આત્મા' શબ્દ તો 'વાચક છે પણ આત્મા 'વાચ્ય' કેવો છે તેનું યથાર્થ જ્ઞાન કર્યા વિના સ્વાધ્યાય, શ્રવણ આદિ છોડીને ધ્યાન કરવા લાગી જવાથી કાંઈ આત્મા મળી જાય તેમ નથી. આત્મા...આત્મા...આત્મા...એમ કરે તોપણ એ રાગ છે. 'આત્મા' કોણ છે, વીતરાગી સ્વરુપ શું છે! કેમ હોવું જોઈએ? તેનો બરાબર નિર્ણય જોઈએ. સાત તત્ત્વનો પણ નિર્ણય જોઈએ. સાતેય તત્ત્વ કઈ રીતે જુદાં-જુદાં છે તે સમજવું જોઈએ. કર્મ છે તે જડ-અજીવતત્ત્વ છે તેનાથી આસ્રવ થાય છે એમ માને તો અજીવ અને આસ્રવ એક થઈ ગયા અને આસ્રવ શુભભાવ છે તેનાથી સંવર થવો માને તો આસ્રવ અને સંવર એક તત્ત્વ થઈ ગયા. સાત તત્ત્વને સાતપણે સિદ્ધ કરવા જોઈએ.

(૧) જીવતત્ત્વ – પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયથી છે.

(૨) અજીવતત્ત્વ – અજીવના દ્રવ્ય-ગુણ-પર્યાયથી છે. એવા અનંત અજીવ દ્રવ્ય છે.

(૩) આસ્રવતત્ત્વ – પુણ્ય-પાપનો વિકલ્પ તે આસ્રવતત્ત્વ છે, અજીવથી ભિન્ન છે.

(૪) બંધતત્ત્વ – પુણ્ય-પાપનું બંધન તે બંધતત્ત્વ છે.

(૫) સંવરતત્ત્વ – જીવની નિર્મળ પર્યાય તે સંવરતત્ત્વ છે. શુભરાગથી સંવર માને છે તેણે આસ્રવ અને સંવર બે તત્ત્વને એક માન્યા છે.

(૬) નિર્જરાતત્ત્વ – શુદ્ધિની વૃદ્ધિ તે નિર્જરાતત્ત્વ છે અને

(૭) મોક્ષતત્ત્વ – શુદ્ધિની પૂર્ણતા તે મોક્ષતત્ત્વ છે. આ બધી શુદ્ધ પર્યાયો ક્યાંથી પ્રગટે છે કે – જ્ઞાયકભાવમાંથી આ બધી પર્યાયો પ્રગટે છે પણ તે તત્ત્વ સંવર, નિર્જરા કે મોક્ષ પર્યાય જેટલું જ નથી. આત્મ, તત્ત્વની જે રુપે જે સ્થિતિ છે તે જ્યાં સુધી જ્ઞાનમાં ભાસે નહિ ત્યાં સુધી વસ્તુની સત્યતાનો આદર ન આવે. તેથી તો ઉમાસ્વામીએ तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् કહ્યું છે. આ મહા સિદ્ધાંત છે. કાંઈ સાધારણ વાત નથી. દસ અધ્યાય વાંચી જવાથી કાંઈ ન થાય. એક એક

મહાસિદ્ધાંત છે તે સત્‌ને સિદ્ધ કરવાના મહા નિયમો છે.

ભગવાન સર્વજ્ઞ ત્રિલોકીનાથ પ્રભુએ જે રીતે તત્ત્વોને જાણ્યા અને જે રીતે કહ્યાં એ રીતે પોતે નિર્ણયમાં લાવી સ્વભાવસન્મુખનો અનુભવ કરવો અને પછી ઠરવું અને બીજી ચિંતા કરવી નહીં.

શ્રોતા :—આ પરીક્ષા તો ભારે છે, પાસ ન થવાય એવી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી :—એવું હોય! સત્‌ને સત્‌ની રીતે નક્કી કરે અને પાસ ન થાય એમ ત્રણકાળમાં બને નહિ. જેવું સત્ છે તેવો નિર્ણય કરવાનો ભાવ અને વલણ કરે છતાં નિર્ણય ન થાય એમ બને જ નહિ. બાકી આમાં કોઈની ભલામણ કે લાગવગ ન ચાલે. ભગવાનની પણ ભલામણ ન ચાલે. જેને વસ્તુની વાસ્તવિક સ્થિતિની ખબર નથી કે દ્રવ્ય શું? તેના ગુણ શું? પર્યાય શું? સંયોગી ચીજ શું? તેણે તે બધા સ્વરુપનો નિર્ણય કરવો અને અવ્યક્ત એવા પોતાના દ્રવ્યને—મહાન પરમેશ્વરને જાણીને તેની દૃષ્ટિ કરવી; તેમાં મહાન પુરુષાર્થ છે. આમ, ઘણી સત્યતાના ભાવો પ્રગટ થાય ત્યારે એ સ્વભાવ સન્મુખ થાય.

ઘણા માણસો એવા હોય કે ‘અમને તો એક વ..! એવી બતાવી દ્યો, બીજું કાંઈ અમારે સમજવું નથી’. એમ શી રીતે ધર્મ થાય ભાઈ! હજી સર્વજ્ઞ-વીતરાગદેવ કેવા હોય, ગુરુ કેવા હોય, શાસ્ત્ર શું કહે છે? અનેકાંત શું છે? તેની ખબર ન હોય, બધાનો ખીચડો કરતો હોય અને નિર્વિકલ્પ થવું છે એમ ક્યાંથી થાય? ભલે વિસ્તારથી નહિ પણ સંક્ષેપથી, વીતરાગે કહેલાં તત્ત્વોને બરાબર જાણવા જોઈએ. થોડું જાણે પણ વિપરીતતા ન હોય તે વસ્તુને પામી જશે. ઘણું જાણે પણ વિપરીતતાવાળું જાણે તે વસ્તુને પામી નહિ શકે.

અહીં કહે છે કે આત્માના નિજગુણ મિથ્યાત્વ રાગાદિભાવોના સંબંધથી મલિન થઈ જાય છે. ગુણ એટલે પર્યાય એમ સમજવું. ગુણો કદી મલિન ન થાય. મિથ્યાત્વ રાગાદિના સંબંધથી પર્યાયમાં મલિનતા થાય છે. જેમ અગ્નિ લોઢાના સંગથી પીટાય છે, તેમ પર્યાય પરના સંગથી અશુદ્ધ થાય છે અર્થાત્ દોષોના સંગથી ગુણ પણ મલિન થઈ જાય છે.

આગળ સારાંશ કહેશે.　　　　　　　　　　　　　　　　　　　(ક્રમશઃ)



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :—આત્મામાં સુખ ભર્યું પડ્યું છે તો તેનો નિર્ણય કરવાની રીત શું?*

સમાધાન :—આત્મામાં જ સુખ છે એમ આચાર્યદેવે ને ગુરુદેવે જીવનો સ્વભાવ બતાવીને અનેક યુક્તિ અને દલીલથી કહ્યું છે તે ઉપરાંત અમે સ્વાનુભૂતિ કરીને કહીએ છીએ કે આત્મામાં જ સુખ છે. ગુરુદેવે તો ઉપદેશમાં ઘણી ચોખવટ કરીને બધું સૂક્ષ્મ રીતે–અપૂર્વ રીતે સમજાવી દીધું છે. કોઈ જતો હોય તેને માર્ગ કોઈ બતાવે, પણ ચાલવાનું તો પોતાને જ છે, નિર્ણય પોતાને જ કરવાનો છે.

ગમે તે ભાવોમાં, ગમે તે રાગમાં, ગમે તે કાર્યોમાં સુખની કલ્પના કરનારો સુખ માને છે, પણ તે પોતે જ સુખસ્વભાવી છે, સહજ આનંદસ્વભાવી છે. તેને પોતા તરફ દૃષ્ટિ નથી, તેથી જ્યાં સુખ નથી ત્યાં સુખની કલ્પના કરે છે. કલ્પના કરીને સુખને વેદું છું, એમ માની રહ્યો છે. જે પોતે સુખસ્વભાવી છે તે પરમાં સુખ માની રહ્યો છે; જડ નથી માનતું. સુખસ્વભાવ પોતાનો છે, છતાં જ્યાં ત્યાં આરોપ કરીને સુખની કલ્પના પોતે કર્યા કરે છે. પોતે સુખનો ભંડાર છે, છતાં બીજામાં સુખની કલ્પના કરે છે. દૃષ્ટિ ઊંધી છે તેથી બહાર સુખ માન્યું છે. અંદર સ્વતઃસિદ્ધ અનાદિ-અનંત સુખસ્વભાવ પોતાનો છે. જેમ જ્ઞાન પોતાનું છે, તેમ સુખસ્વભાવ સહજ સ્વરૂપે પોતાનો છે. છતાં જ્યાં ત્યાં કલ્પના કરીને શાંતિ અને સુખ માન્યું છે. આવું પોતે જ માની રહ્યો છે, પણ સુખ પોતામાં છે. ગુરુદેવ ઘણીવાર કહે છે કે મૃગને પોતાની નાભિમાં રહેલી કસ્તુરીની સુગંધ આવે છે છતાં તેને વિશ્વાસ નહિ હોવાથી તે ચારેકોર ગોતે છે. તેમ સુખસ્વભાવી પોતે સુખની કલ્પના જ્યાં ત્યાં બહારમાં કરી રહ્યો છે. સુખનો ભંડાર, સ્વતઃસિદ્ધ આનંદ વસ્તુ પોતે જ છે, તો પણ પોતે જ્યાં ત્યાં સુખ માની રહ્યો છે.

*પ્રશ્ન :—અજ્ઞાની કરતાં જ્ઞાની ગુરુનો વિનય વધારે કરે અને તેમના પ્રત્યે ભક્તિ ઊછળતાં કહે કે 'આપ મારે માટે અનંતા તીર્થંકરોથી પણ અધિક છો' છતાં શું તેમને એકત્વબુદ્ધિ થતી નથી?*

સમાધાન :—જ્ઞાની એમ કહે કે, અહીં આપ જન્મ્યા ન હોત તો અમારા જેવા પામરનું શું થાત? એમ જ્ઞાની વધારે વિનય કરે. કારણ કે અંતરમાં પોતાને જે સ્વભાવ

પ્રગટ્યો છે તે સ્વભાવની તેને એટલી બધી મહિમા છે કે તે સ્વભાવ જેણે પ્રગટ કર્યો અને સમજાવ્યો તેના ઉપર પણ તેને મહિમા આવે છે. જે શુભભાવ છે તેની સાથે અંતરમાં ભેદજ્ઞાન વર્તે છે, છતાં સાથે શુભભાવમાં તેને ઉછાળો આવે છે. મારી પરિણતિ પ્રગટ કરવામાં ગુરુદેવનો ઉપદેશ નિમિત્ત છે એમ જ્ઞાનમાં હોવાથી તેમના ઉપર ભક્તિનો ઉછાળો આવે છે અને બીજા કરતાં તેને વધારે ઉત્સાહ અને ભક્તિ આવે છે. બહારથી કોઈને એમ લાગે કે જાણે એકત્વબુદ્ધિથી બધું કરે છે, પણ શુભભાવથી તેને ભેદજ્ઞાન વર્તતું હોય છે. શુભભાવનો જે તેને ઉછાળો આવે છે તે જુદી જાતનો આવે છે.

## વૈરાગ્ય સમાચાર :—

તલોદનિવાસી (હાલ-અમદાવાદ) શાહ સોમચંદ તારાચંદ (વર્ષ-૯૮) તા. ૧૧-૮-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ પૂજ્ય ગુરુદેવશ્રીના સમયથી પ્રૌઢશિક્ષણવર્ગનો નિયમિત લાભ લેતા હતા.

કલકત્તાનિવાસી શ્રી પ્રાણકુંવરબેન ગુલાબચંદભાઈ હેમાણી (વર્ષ-૧૦૦) તા. ૨૧-૯-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વર્ષો સુધી સોનગઢ સ્થાયી રહીને તત્ત્વજ્ઞાનનો ઘણો જ લાભ લીધો હતો.

સુરેન્દ્રનગરનિવાસી શ્રી મહાસુખભાઈ મગનલાલ શાહના પુત્ર પ્રકાશભાઈ (વર્ષ-૫૮) તા. ૫-૯-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેમને દેવ-ગુરુ પ્રત્યે ઘણો જ ભક્તિભાવ હતો.

સુરેન્દ્રનગરનિવાસી શ્રી મહાસુખભાઈ મગનલાલ શાહ (વર્ષ-૮૩) તા. ૧૩-૧૦-૦૯ના રોજ કેન્સરની બિમારીથી સ્વર્ગવાસ પામ્યા છે. તેમને તત્ત્વની ઘણી જ રુચિ હતી. તત્ત્વની ધૂનપૂર્વક દેહ છોડ્યો હતો.

ભાવનગરનિવાસી સ્વ. હિંમતલાલ હરિલાલ ભાયાણીના ધર્મપત્ની શ્રી ઇચ્છાબેન (—સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના ભૂતપૂર્વ મેનેજર શ્રી કાંતિભાઈ ભાયાણીના ભાભી) (વર્ષ-૯૬) તા. ૧૪-૧૦-૦૯ના રોજ રાજકોટ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.

સોનગઢનિવાસી શ્રી સુંદરબેન અખેરાજ પારેખ (વર્ષ-૯૦) તા. ૨૨-૧૦-૦૯ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ છેલ્લા ૭૦ વર્ષથી સોનગઢ સ્થાયી રહીને તત્ત્વજ્ઞાનનો ખૂબ જ લાભ લીધો હતો.

ખંડેરીનિવાસી (હાલ-સોનગઢ) પં. ગોવિંદરામજી જૈન (વર્ષ-૮૧) તા. ૫-૧૧-૦૯ના રોજ સોનગઢ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ છેલ્લા ઘણા વર્ષોથી સોનગઢ સ્થાયી નિવાસ કરીને તત્ત્વનો લાભ લેતા હતા.

## શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ તરફથી છેલ્લા બે વર્ષમાં નીચે મુજબનાં શાસ્ત્રો પ્રકાશિત થયાં

| ક્રમ | પુસ્તકનું નામ | ભાષા | પ્રત |
|---|---|---|---|
| ૧. | આત્મસિદ્ધિશાસ્ત્ર પ્રવચન | ગુજરાતી | ૧૫૦૦ |
| ૨. | પદ્મનંદી પંચવિંશતિ | ગુજરાતી | ૧૦૦૦ |
| ૩. | સમયસાર હરિગીત | ગુજરાતી | ૩૦૦૦ |
| ૪. | બૃહદ્ દ્રવ્યસંગ્રહ | ગુજરાતી | ૨૦૦૦ |
| ૫. | ગુરુદેવશ્રીના વચનામૃત | ગુજરાતી | ૩૦૦૦ |
| ૬. | બહેનશ્રીના વચનામૃત | ગુજરાતી | ૨૦૦૦ |
| ૭. | ચિદ્‌વિલાસ | ગુજરાતી | ૧૦૦૦ |
| ૮. | ગુરુસ્તુતિઆદિસંગ્રહ | ગુજરાતી | ૨૦૦૦ |
| ૯. | પ્રવચનસાર હરિગીત | ગુજરાતી | ૩૦૦૦ |
| ૧૦. | સમ્યગ્દર્શન ભાગ-૧ | ગુજરાતી | ૧૫૦૦ |
| ૧૧. | સમ્યગ્દર્શન ભાગ-૨ | ગુજરાતી | ૧૫૦૦ |
| ૧૨. | પ્રતિક્રમણ | ગુજરાતી | ૩૦૦૦ |
| ૧૩. | ઊંડા આદર્શ આત્માર્થી | ગુજરાતી | ૧૬૦૦ |
| ૧૪. | વસ્તુવિજ્ઞાનસાર | ગુજરાતી | ૨૦૦૦ |
| ૧૫. | ભગવાન પારસનાથ | ગુજરાતી | ૨૦૦૦ |
| ૧૬. | મહારાણી ચેલણા | ગુજરાતી | ૨૦૦૦ |
| ૧૭. | પંચસ્તોત્રસંગ્રહ | ગુજરાતી | ૧૦૦૦ |
| ૧૮. | પંચમેરુ-નંદીશ્વર પૂજા | હિન્દી | ૩૦૦૦ |
| ૧૯. | ત્રિલોક અકૃત્રિમ પૂજા | હિન્દી | ૧૦૦૦ |
| ૨૦. | રત્નત્રય વિધાન પૂજા | હિન્દી | ૧૫૦૦ |
| ૨૧. | સમ્યગ્દર્શન ભાગ-૩ | ગુજરાતી | ૧૫૦૦ |
| ૨૨. | સમ્યગ્દર્શન ભાગ-૪ | ગુજરાતી | ૧૫૦૦ |
| ૨૩. | જૈનસિદ્ધાન્તપ્રવેશિકા | ગુજરાતી | ૨૦૦૦ |
| ૨૪. | જિનેન્દ્ર ભજનમાળા | ગુજરાતી | ૨૦૦૦ |
| ૨૫. | જૈન બાળપોથી ભાગ-૨ | ગુજરાતી | ૩૦૦૦ |
| ૨૬. | વીતરાગવિજ્ઞાન (છઢાળા પ્રવચન) | ગુજરાતી | ૨૦૦૦ |
| ૨૭. | સામાયિક પાઠ | ગુજરાતી | ૨૦૦૦ |
| ૨૮. | ઈષ્ટોપદેશ પ્રવચન | ગુજરાતી | ૧૦૦૦ |
| ૨૯. | છઢાળા | હિન્દી | ૨૦૦૦ |
| ૩૦. | સ્વર્ણભાનુ ભરતે ઊગ્યો રે. | ગુજરાતી | ૩૦૦૦ |
| ૩૧. | સ્વર્ણભાનુ ભરતે ઊદિત રે. | હિન્દી | ૧૦૦૦ |
| ૩૨. | પંચાસ્તિકાય હરિગીત | ગુજરાતી | ૩૦૦૦ |
| ૩૩. | તત્ત્વજ્ઞાન તરંગિણી | ગુજરાતી | ૨૦૦૦ |
| ૩૪. | શ્રી જંબૂદ્વીપસ્થ શાશ્વત જિનમંદિર જિનબિમ્બ વિધાન પૂજા | હિન્દી | ૩૦૦૦ |
| ૩૫. | જૈન બાલપોથી | હિન્દી | ૩૦૦૦ |
| ૩૬. | શ્રી સિદ્ધચક્ર વિધાન પૂજા | હિન્દી | ૧૫૦૦ |
| ૩૭. | જિનેન્દ્ર પંચક લ્યાણક પૂજા | હિન્દી | ૨૦૦૦ |
| ૩૮. | જિનેન્દ્ર સ્તવનમાળા | ગુજરાતી | ૨૦૦૦ |
| ૩૯. | સમ્યગ્દર્શન ભાગ-૫ | ગુજરાતી | ૧૫૦૦ |
| ૪૦. | સમ્યગ્દર્શન ભાગ-૬ | ગુજરાતી | ૧૫૦૦ |
| ૪૧. | શ્રી નિયમસાર | હિન્દી | ૧૦૦૦ |
| ૪૨. | ઈષ્ટોપદેશ | ગુજરાતી-હિન્દી | ૧૫૦૦ |
| ૪૩. | સત્તાસ્વરૂપ | ગુજરાતી | ૧૦૦૦ |

### નીચેના શાસ્ત્રો ટૂંક સમયમાં ઉપલબ્ધ થશે

| ક્રમ | પુસ્તકનું નામ | ભાષા | પ્રત |
|---|---|---|---|
| ૧. | નિયમસાર | ગુજરાતી | ૨૦૦૦ |
| ૨. | અધ્યાત્મસંદેશ | ગુજરાતી | ૧૦૦૦ |
| ૩. | સમયસાર હરિગીત (ગુટકો) | ગુજરાતી | ૨૦૦૦ |
| ૪. | મૂલમેં ભૂલ | હિન્દી | ૨૦૦૦ |
| ૫. | જૈનસિદ્ધાન્તપ્રવેશિકા | હિન્દી | ૧૫૦૦ |
| ૬. | મોક્ષમાર્ગપ્રક ાશક | હિન્દી | ૧૦૦૦ |
| ૭. | પંચાસ્તિકાય | હિન્દી | ૧૦૦૦ |
| ૮. | પ્રવચનસાર | હિન્દી | ૧૦૦૦ |
| ૯. | સમયસાર | હિન્દી | ૧૦૦૦ |
| ૧૦. | રત્નક રંડક શ્રાવકાચાર | ગુજરાતી | ૧૦૦૦ |
| ૧૧. | પંચાધ્યાયી ભાગ-૧-૨ | ગુજરાતી | ૧૦૦૦ |
| ૧૨. | શ્રી જિનેન્દ્ર આરતી સંગ્રહ | હિન્દી | ૨૦૦૦ |
| ૧૩. | જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તરમાળા | ગુજરાતી | ૧૦૦૦ |

નમઃ શ્રીસીમન્ધરદેવાય નમઃ શ્રીકહાનગુરુદેવાય વન્દે ભગવતીમાતરમ્

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત

*શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત*

# નવમી બાલસંસ્કાર અધ્યાત્મ જ્ઞાન શિબિર

(તા. ૨૫-૧૨-૨૦૦૯ થી તા. ૩૦-૧૨-૨૦૦૯)

અનંત ઉપકારી પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તથા તેમના અનન્યભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મપ્રભાવના યોગથી આપણે સૌ મુમુક્ષુઓ સત્ય શુદ્ધાત્મા પ્રગટ કરવાનો માર્ગ સમજી શક્યા છીએ. આ ઊંડા તત્ત્વ સંસ્કારનું સિંચન આપણી ભવિષ્યની પેઢીમાં પણ થાય એ અત્યંત આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખી શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા પાછલા આઠ વર્ષોથી બાળસંસ્કાર શિબિરોનું આયોજન કરાઈ રહ્યું છે. આ જ શ્રેણિમાં આ વર્ષે પણ પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી (સોનગઢ)માં તા. ૨૫-૧૨-૦૯ થી તા. ૩૦-૧૨-૦૯ સુધી નવમી બાળ સંસ્કાર શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરનું આયોજન શ્રી કુંદકુંદકહાન દિગંબર જૈન મુમુક્ષુ મંડળ ટ્રસ્ટ, પાર્લા-સાંતાક્રૂઝ (મુંબઈ)ના સૌજન્યથી કરવામાં આવ્યું છે. સર્વ મુમુક્ષુભાઈઓને નિવેદન છે કે તેઓ પોતાના બાળકોને લઈ લાભ લેવા અવશ્ય પધારે.

આ શિબિરમાં આવવાથી બાળકોને ધાર્મિક સંસ્કાર-સિંચન સાથે સાથે પૂ. ગુરુદેવશ્રી તથા પૂ. બહેનશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરીના જિનાયતનોમાં બિરાજમાન જિનેન્દ્ર ભગવંતોના દર્શન-પૂજન-ભક્તિનો, પૂ. ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનોનો પણ લાભ મળશે.

આ શિબિર સમયે બાળકો ઉપરાંત વડીલો માટે પણ શિક્ષણવર્ગોનું આયોજન કરવામાં આવ્યું છે.

આ શિબિરમાં શ્રી હસમુખભાઈ શાહ (U.S.A.), શ્રી રાજુભાઈ કામદાર (રાજકોટ), શ્રી સુભાષભાઈ શેઠ (વાંકાનેર) તથા શ્રી રમેશભાઈ મહેતા (સલાલ) દ્વારા અધ્યાપન કરાવવામાં આવશે.

આ શિબિર ૧૦ થી ૧૮ વર્ષના બાળકો માટે રાખવામાં આવી છે.

લિ.

શ્રી કહાન પુષ્પ પરિવાર વતી

શ્રી હસમુખભાઈ વોરા શ્રી ચીમનભાઈ મોદી શ્રી જિતુભાઈ શાહ

ના જય જિનેન્દ્ર

# સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમનાં પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવનગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે. તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૬-૦૦ થી ૬-૨૦ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૮-૦૦ થી ૮-૪૫ | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ | : | પરમાગમ શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| સવારે ૧૦-૦૦ થી ૧૦-૪૫ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી પરમાત્મપ્રકાશ) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી સમયસાર કલશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૭-૪૫ થી ૮-૪૫ | : | શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

## શ્રી કુંદકુંદ-આચાર્યપદારોહણદિન

આપણા પરમ પૂજ્ય દિગંબર-આચાર્યશિરોમણિ ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવનો 'આચાર્યપદારોહણદિન' માગશર વદ-૮, બુધવાર, તા. ૯-૧૨-૨૦૦૯ના દિવસે છે. આ મહોત્સવ શ્રી કુંદકુંદ-કહાન પરિવાર યુવક મંડળ ટ્રસ્ટ, રાજકોટ તરફથી તા. ૮-૧૨-૨૦૦૯ થી ૯-૧૨-૨૦૦૯ એમ દ્વિદિવસીય મહોત્સવના રૂપમાં ભગવાન કુંદકુંદાચાર્યદેવના પૂજા-ભક્તિના વિશેષ કાર્યક્રમપૂર્વક મનાવવામાં આવશે. તો સર્વે મુમુક્ષુઓને લાભ લેવા સોનગઢ પધારવાનું આમંત્રણ છે.

## ભગવાન મહાવીર નિર્વાણકલ્યાણક મહોત્સવ સાનંદ ઉજવાયો

ભગવાન મહાવીર નિર્વાણકલ્યાણક મહોત્સવ તા. ૧૪-૧૦-૨૦૦૯ થી તા. ૧૮-૧૦-૨૦૦૯ સુધી શ્રી પંચકલ્યાણક વિધાન પૂજા તથા પંચકલ્યાણક ભક્તિ આદિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવ્યો. આ પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી સીડી પ્રવચનો તથા તેઓશ્રીની યાત્રાની વિડિયો, આરતી, પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની ઓડિયો તથા વિડિયો ધર્મચર્ચા અને ધાર્મિક શિક્ષણવર્ગના કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા. તદુપરાંત તા. ૧૯-૧૦-૨૦૦૯ના રોજ કારતક સુદ-૧ મંગલ સુપ્રભાત દિવસે શ્રી જિનેન્દ્ર પૂજન, પૂજ્ય ગુરુદેવશ્રીની સુપ્રભાતની બોણીરૂપ પ્રવચન, ભક્તિ, સુપ્રભાત સ્તોત્ર તથા આરતીના વિશેષ કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા, જેમાં બધા મુમુક્ષુઓએ ઉલ્લાસપૂર્વક લાભ લીધો હતો. આ પ્રસંગનો લાભ લેવા બહારગામથી લગભગ ૧૫૦૦ જેટલા મુમુક્ષુઓ પધાર્યા હતા. તથા આ પ્રસંગોના કાર્યક્રમો પૂજા-ભક્તિ, પ્રવચન આદિનું શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર તરફથી **www.kanjiswamee.org** વેબસાઈટ ઉપર **Live Telecast** કરવામાં આવ્યું. જેનો દેશ-વિદેશમાં રહેતા ઘણા મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો.

## પૂજ્ય ગુરુદેવશ્રીને મુમુક્ષુઓ તરફથી કરવામાં આવતી આહારની ભાવનાના કક્ષનું ઉદ્‌ઘાટન

પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ આહારની ભાવનાના કક્ષને સુંદર રીતે સજાવીને પૂજ્ય ગુરુદેવશ્રીની બે પ્રતિકૃતિ તથા વિવિધ આહારદાનની મોટી તસવીરો લગાડીને મુમુક્ષુઓના દર્શન માટે આસો વદ-૧૩ વિ.સં. ૨૦૬૫ના દિવસે શ્રી વિજયભાઈ ચિમનલાલ ઠાકરશી મોદી પરિવાર દ્વારા ઉદ્‌ઘાટન કરી ખુલ્લો મૂકવામાં આવ્યો. જે દર્શનીય સ્થાન બન્યું છે. આ પ્રસંગે મુમુક્ષુઓ અત્યંત ભાવવિભોર થઈ ભક્તિ કરવા લાગ્યા હતા જે દૃશ્ય અત્યંત મનોહર હતું.

## ઇન્ટરનેટ ઉપર સોનગઢના વિશેષ કાર્યક્રમોનું જીવંત પ્રસારણ

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ તરફથી ચલાવવામાં આવતી www.kanjiswamee.org દ્વારા વિશેષ પ્રસંગો ઉપર સોનગઢમાં થઈ રહેલ પૂજા-ભક્તિ, પ્રવચન વગેરે વિશેષ કાર્યક્રમોનું Live Telecast કરવામાં આવે છે. **દરરોજ પૂજ્ય ગુરુદેવશ્રીના સોનગઢમાં ચાલતા પ્રવચનોનું પણ ઓડિયો પ્રસારણ કરવામાં આવે છે. જેની સૂચના www.kanjiswamee.orgના ''જીવંત પ્રસારણ'' પેજ ઉપર આપવામાં આવેલ છે.**

## નિવેદન

આજકાલ મુમુક્ષુઓમાં ભ્રમ ફેલાવવામાં આવી રહ્યો છે કે 'સોનગઢ પૂજ્ય ગુરુદેવશ્રીના તત્ત્વજ્ઞાનને ગૌણ કરી રહ્યું છે.' એ બાબત સ્પષ્ટ કરતાં જણાવવાનું કે આખાયે ભારતમાં સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ જ એક એવી સંસ્થા છે કે જે 'દરરોજ દિવસમાં ત્રણવાર—પૂજ્ય ગુરુદેવશ્રીના પૂરા પ્રવચનો સોનગઢમાં મૂકે છે તથા આખાય વિશ્વમાં ઇન્ટરનેટથી તે પ્રવચનોનું જીવંત પ્રસારણ કરી રહી છે.'

એ ઉપરાંત ટ્રસ્ટે પૂજ્ય ગુરુદેવશ્રીની સમાધિ પછી મૂળ શાસ્ત્રો, ગુરુદેવશ્રીનાં પ્રવચનો વગેરે સત્‌સાહિત્યની સાડા સાત લાખથી વધુ પ્રતો પ્રકાશિત કરેલ છે. તેથી એકમાત્ર સોનગઢ ટ્રસ્ટ જ પૂજ્ય ગુરુદેવશ્રીના કલ્યાણકારી તત્ત્વજ્ઞાનનું પ્રભુત્વ સ્થાપીને તેઓશ્રીના તત્ત્વજ્ઞાનને યથાવત્ જાળવી રહ્યું છે.

તેમ છતાંય તત્ત્વજ્ઞાન સંબંધી સમાજના કોઈ વર્ગને વધારે સ્પષ્ટતા જોઈતી હોય તો 'ખાનીયા તત્ત્વચર્ચા'ની પદ્ધતિએ લેખિત ચર્ચા આવકાર્ય છે.

ચીમનલાલ ઠાકરશી મોદી—મંત્રી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ,
સોનગઢ—૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● સમ્યગ્દર્શનમાં અનંત પુરુષાર્થ છે. પાંચે સમવાય સાથે હોય છે. ક્રમબદ્ધના નિર્ણયમાં પણ અનંત પુરુષાર્થ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ એવા નિર્ણયમાં પણ અનંત પુરુષાર્થ છે. એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડે નહિ એ વાત બહુ ઝીણી આવી ગઈ છે. ૪૯૯.

● વ્રત, નિયમ અને તપના—શુભ રાગના—અભ્યાસથી આત્મા જાણવામાં આવતો નથી. હું તો માત્ર દ્રષ્ટા-જ્ઞાતા છું—એવો વારંવાર અભ્યાસ કરવાથી, જ્ઞાયક તરફનો ઝુકાવ કરવાથી, અંતરમાં જ્ઞાતાપણું પ્રગટ થતાં આત્મા જાણવામાં આવે છે અને પર ને રાગનું કર્તાપણું છૂટે છે. સમ્યગ્દર્શન કરવાની આ વિધિ છે. હું કેવળ જાણનાર-દેખનાર છું—એવો અંતર્મુખ અભ્યાસ વારંવાર કરવાથી પર્યાયમાં જ્ઞાતાપણું પ્રગટ થાય છે અને ત્યારે પરનું કર્તાપણું છૂટે છે; રાગનો વિકલ્પ છે તેનું પણ કર્તાપણું ત્યારે છૂટે છે. અજ્ઞાની પોતાના જ્ઞાતાસ્વભાવનો અજાણ છે. તે શરીર આદિ પરની ક્રિયા તો કરી શકતો નથી; પરંતુ તે જ્ઞાતાપણાના અભ્યાસથી રહિત છે તેથી વ્રત, તપ, પૂજા, ભક્તિ આદિ બહારની ક્રિયાઓનો તથા પુણ્ય-પાપના વિકારી ભાવ જે પોતાનો સ્વભાવ નથી તેનો, તે કર્તા થાય છે. એકલા શાસ્ત્રજ્ઞાનના અભ્યાસથી જ્ઞાતાપણું પ્રગટ થતું નથી અને વ્રત, નિયમ, ભક્તિ ને પૂજાના ઢગલા કરે તો ય તેને આત્માનું જ્ઞાતાદ્રષ્ટાપણું પ્રગટ થતું નથી. અહા! આવી વાત છે પ્રભુ! ૫૦૦.

● અંદર ચૈતન્ય જ્ઞાયકદેવનો અભિપ્રાયમાં આશ્રય જેને થયો છે એવા જ્ઞાનીને અથવા તો સ્વભાવનો આશ્રય જેને પ્રાપ્ત કરવો છે એવા સાચા આત્માર્થીને સ્વભાવ સમજવામાં નિમિત્ત એવા વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુના મહિમાનો શુભરાગ આવે; પૂજા-ભક્તિ તથા વ્રતાદિ વ્યવહારનયનો વિષય છે તો ખરો, નથી જ એમ નથી, પણ તે ભાવ રાગ છે, સંસાર છે, તેનો આશ્રય કરવા લાયક નથી, તે ઉપાદેય નથી, હિતકર નથી, હેય છે. અરેરે! ક્યારે આ તત્ત્વ સાંભળવા મળે? મનુષ્યભવ તો ચાલ્યો જાય છે, આયુષ્ય ક્યારે પૂરું થઈ જશે તેની કોને ખબર છે? ૫૦૧.

આત્મધર્મ
નવેમ્બર-૨૦૦૯
અંક-૩ * વર્ષ-૪

Registered Regn. No. BVR-367/2009-2011
Renewed upto 31-12-2011
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## 卐 પૂરણ પરમાત્મા અત્યારે છું—એમ મનન કર 卐

ધર્મધૂરંધર યોગીન્દ્રદેવ પોકાર કરે છે કે અરે! આત્મા! તું પરમાત્મા જેવો છો છતાં તું જિનમાં ને તારામાં ફેર પાડે છો? ફેર પાડીશ તો ફેર કે દી છૂટશે? તેથી કહે છે કે હું રાગવાળો અલ્પજ્ઞતાવાળો એમ મનન નહિ કરો પણ જે જિનેન્દ્ર છે તે જ હું છું એવું મનન કરો! અરેરે, હું અલ્પજ્ઞ છું, મારામાં આવી કાંઈ તાકાત હોતી હશે?—એ વાત રહેવા દે ભાઈ! હું પૂરણ પરમાત્મા થવાને લાયક છું—એમ નહિ પણ પૂરણ પરમાત્મા અત્યારે હું છું—એમ મનન કર! આહાહા!

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Chimanlal Thakarshi Modi on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor Hiralal Bhikhalal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org